Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૧૪ • તા. ૩૦ માર્ચ થી ૫ એપ્રિલ ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## શ્રી કોઠારા જૈન મિત્ર મંડળના ઉપક્રમે કોઠારાવાસીઓનું સ્નેહ મિલન



દીપ પ્રાગટ્ય કરતા મહાનુભાવો



સ્ટેજ ઉપર બિરાજમાન મહાનુભાવો



સમારંભ પ્રમુખશ્રી જયેશ જૈનનું બહુમાન કરતા મંડળના પ્રમુખશ્રી હેમંતભાઈ અજાણી



અતિથિવિશેષ શ્રી કલ્પેશભાઈ મોતાનું બહુમાન કરતા મંડળના ઉપપ્રમુખશ્રી હરીશભાઈ મુનવર



અતિથિવિશેષ શ્રી હીરાલાલભાઈ ડાઘાનું બહુમાન કરતા મંડળના ઉપપ્રમુખશ્રી દિનેશભાઈ અજાણી



અતિથિવિશેષશ્રી પ્રવિણભાઈ લોડાયાનું બહુમાન કરતા શૈક્ષણિક ઈનામોના દાતા શ્રી પ્રતાપભાઈ ધરમશી



કોઠારા મહાજનના પ્રમુખ શ્રી નલીનભાઈ અજાણીનું બહુમાન કરતા શ્રી જયેશભાઈ જૈન



નવા વરાયેલા મંડળના પ્રમુખશ્રી હેમંતભાઈ અજાણીનું બહુમાન કરતાં માજીપ્રમુખ શ્રી રાયચંદભાઈ લોડાયા



નવી વરાયેલ શ્રી કોઠારા જૈન મિત્ર મંડળની કારોબારી ટીમ



ઉપસ્થિત ગામવાસીઓ તથા આમંત્રિત મહેમાનો



ઉપસ્થિત ગામવાસી બહેનો તથા આમંત્રિતો



મંડળના નિવૃત્ત થતાં પ્રમુખશ્રી રાયચંદભાઈ લોડાયાનું બહુમાન કરતા મહાનુભાવો



વિદ્યાર્થીઓનું બહુમાન કરતા શૈક્ષણિક સન્માનના દાતાશ્રી પ્રતાપભાઈ ધરમશી



શ્રી કોઠારા મહિલા મંડળની કારોબારીની બહેનો



કાર્યક્રમ સંચાલન કરતા શ્રી દિનેશભાઈ અજાણી



ભાવતા ભોજનીયા કરી રહેલા ગામજનો

# શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ દ્વારા મહિલાદિન નિમિત્તે આયોજીત
# "Flying Wings towards perfect Naari" કાર્યક્રમની ઝલક



અતિથીવિશેષો દ્વારા દીપ પ્રાકટ્ય...



ચેતનાબેન ગાલાનું સન્માન કરતા મોનિકા નાગડા



સૌ. હસુમતીબેન ડાઘાનું સન્માન કરતા શ્રી મયંક મોમાયા



સૌ. હર્ષા હેમાંગ ધરમશીનું પ્રાસંગિક ઉદ્બોધન



સૌ. કવિતા કલ્પેશ ધરમશીનું ઉદ્બોધન



યુવાઓને મોટીવેશન આપતા ચેતનાબેન ગાલા



વિચાર વ્યક્ત કરતાં પ્રમુખશ્રી અનુજ લોડાયા



સૌ. જયશ્રીબેન દંડનું સન્માન કરતા ઉર્મિન લોડાયા



ન્યુટ્રીશન મેનેજમેંટ સમજાવતા કુ. પુજા દેઢિયા



લાઈફ સ્ટાઈલ મેનેજમેંટ સમજાવતા શ્રીમતી સ્મિતા છેડા



પધારેલા મહાનુભાવો



કાર્યક્રમ માણતી બહેનો



રાસગરબાનું આનંદ લેતું મહિલાગણ



દાંડીયારાસ સ્પર્ધાના નિર્ણાયકો



વિદ્યાર્થીસંઘની ટીમ સાથે શ્રી ચેતન મોતા અને શ્રી કુમાર દંડ



અતિથીઓ સાથે વિદ્યાર્થી સંઘની ટીમ

**આદ્યતંત્રીઓ**
"**પ્રકાશ**"
ડો. વેલજી પાશ્વીર ગોસર
"**સમીક્ષા**"
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
"**પ્રકાશ સમીક્ષા**"
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી – 09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**અંક નં. 14 / 2013**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr.Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.**
**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# જરૂરતમંદ જ્ઞાતિજનોને અરજી વગર સહાય પહોંચવી જોઈએ એ વાત પર ભાર મૂકતું ચર્ચાસત્ર

**- ચંદ્રસેન મોમાયા**

ક.દ.ઓ. સમસ્ત મહાજન દ્વારા થોડા સમય પહેલાં જરૂરત જ્ઞાતિજનોને વૈદ્યકીય, સાધર્મિક અને શૈક્ષણિક સહાય 'વન-વીંડો' સીસ્ટમથી સરળતાથી ઉપલબ્ધ કરાવવા ચર્ચા-વિચારણા કરવા એક સત્રનું આયોજન કર્યું હતું.

આયોજકોએ માની લીધેલું કે વક્તાઓ વનવીંડો સીસ્ટમને કેન્દ્રમાં રાખીને વાત કરશે પણ વક્તાઓને વન-વીંડો સીસ્ટમ કરતા પણ અન્ય બાબતો ચર્ચવી વધુ જરૂરી લાગી એટલે ચારેક વક્તાઓએ બોલી લીધું તે પછી સેક્રેટરી-જનરલે આપણે વન-વીંડો સીસ્ટમને ધ્યાનમાં રાખીને વાત કરવાની છે એવો અનુરોધ તેમજ મેનેજીંગ-ટ્રસ્ટીઓમાંથી એકે કોઈ વક્તાઓએ વન-વીંડો સીસ્ટમની ના પાડી નથી કે વિરોધ કર્યો નથી એટલે આપણે માની લઈએ છીએ કે જ્ઞાતિ સમસ્ત મહાજનને વન-વીંડો સીસ્ટમ અપનાવવાની દિશામાં આગળ વધવાની છૂટ આપે છે. એવી જાહેરાત કરી.

તેની વચમાં ચર્ચાસત્ર દરમિયાન જે મુદ્દા રજૂ થયા તે વધુ રસપ્રદ અને વધુ મહત્વના રહ્યા.

સૌથી વધુ ચર્ચા મેડીકલ સહાય અંગે થઈ. જ્ઞાતિના ટ્રસ્ટો મેડીકલ સહાય આપે છે તે વાત ખરી પણ તેમનું બજેટ સતત વધારતા રહેવાની જરૂર છે કેમકે મેડીકલ સેવાઓ કૂદકેને ભૂસકે મોંઘી થવા લાગી છે : આવા સંજોગોમાં જ્ઞાતિ ટ્રસ્ટો મેડીકલ સહાય માટેની રકમમાં નોંધપાત્ર વધારો નહીં કરે તો તે અર્થહીન બની જશે.

મેડીકલ સહાયના સંબંધમાં સૌથી મહત્ત્વની વાત એ છે કે સામાન્ય રીતે ટ્રસ્ટો પૂરી સહાય કરવાને બદલે અંશતઃ સહાય આપે છે એટલે પૂરી રકમ મેળવવામાં ઘણો સમય જાય છે અને ઘણી વખત તેને કારણે ટ્રીટમેન્ટ અધુરી મૂકાવવી પડે છે.

વધુમાં ખરેખર કેટલી જરૂરત છે તેનો અંદાજ ન હોવાથી સામાન્ય રીતે માંદી વ્યક્તિના પરિવારજનો પહેલાં પોતાની તથા પછી નિકટના વર્તુળની સ્થિતિ પ્રમાણે સારી ટ્રીટમેન્ટ અપાવવા પ્રયત્ન કરે છે. તે અપુરતું નીવડે ત્યારે ટ્રસ્ટ પાસે આવે છે અને ટ્રસ્ટો તેમને જણાવે છે કે તમે જનરલ વોર્ડમાં ટ્રીટમેન્ટ લીધી હોત તો ખર્ચ ઘણો ઓછો આવત અને અમે તો જનરલ વોર્ડવાળાઓને જ સહાયતા કરી શકીએ. આ કારણસર પોતાના સઘળા સ્ત્રોત પૂરી રીતે વાપરી લીધા પછી પણ તે વ્યક્તિને મદદ માટે જાકારો મળે છે.

આથીય વધુ ખરાબ સ્થિતિ તે છે કે સામાન્યતઃ આજે હોસ્પિટલો જનરલ વોર્ડમાં પણ રૂા.૧૦૦૦૦ જેવી ડીપોઝીટ લીધા વગર દાખલ કરતી નથી. આવામાં આ ડીપોઝીટ મેળવવા માટે જરૂરતમંદના પરિવારજનોએ બે-ચાર ટ્રસ્ટના આંટાફેરા કરવા પડે તો દરદીને સમયસર સારવાર મળી શકે નહીં અને કેસ બગડવાની ભીતિ રહે એટલે કમસેકમ પ્રારંભિક ડીપોઝીટ દરેક જરૂરતમંદને આપી શકાય તેટલું ફંડ તો સમસ્ત મહાજને પોતે જ પોતાની પાસે રાખવું જોઇએ. બાકીની રકમ ભલે અન્ય સંસ્થાઓ કે દાતાઓ પાસેથી લેવામાં આવે.

સાધર્મિક સહાયનો સવાલ ચર્ચતી વખતે વક્તાઓએ બે વાત પર ભાર મૂક્યો. એક તો અત્યારે જે સાધર્મિક સહાય મળે તે એટલી અપુરતી હોય છે કે તેનાથી એક તરફ જરૂરતમંદની જરૂરત પૂરી સંતોષાતી નથી અને વધુમાં નીચાજોણું થાય છે.

બીજી વાત સાધર્મિક સહાય માટે અરજી કરવી પડે તે વાત બેહુદી છે. ખરેખર તો દરેક વિસ્તારના સ્થાનિક મહાજનના આગેવાનોને પોતાની વિસ્તારના મહાજનના

આગેવાનોને પોતાના વિસ્તારમાં કેટલા લોકોને કેટલી સાધર્મિક સહાયની જરૂર છે તેનો અંદાજ હોવો જ જોઈએ અને તે સહાય તેમનું સન્માન જળવાય તે રીતે મળવી જોઈએ.

એકાદ-બે આગેવાનોએ એવી ટકોર કરી કે કેટલાક લોકો સાધર્મિક સહાયનો દુરુપયોગ કરતા હોવાથી આગેવાનોને ઘણી વખત આ બાબત પોતે નકામી જહેમત લઈ રહ્યા છે એવું લાગે છે. અલબત્ત! મોટા ભાગના લોકો આ સુર સાથે સહમત નહોતા.

એક મહિલા કાર્યકર્તાએ એવી ફરિયાદ પણ કરી કે અમારા વિસ્તારના મહાજનના મોવડીઓ તેમને વારંવાર એક જરૂરતમંદ પરિવારનું નામ સૂચવ્યા છતાં એ બાબત કાંઈ કરતા નથી. કદાચ તેઓ તેમની પાસેથી વિનવણીની અપેક્ષા રાખી રહ્યા છે, સાધર્મિક સહાય માટેનું ભંડોળ સામૂહિક રીતે એકઠું થયેલું હોય અને એવું ભંડોળ આપવામાં પણ આગેવાનો આ રીતે વર્તે તે તો દાતાઓએ આગેવાનોમાં મૂકેલા વિશ્વાસનો દ્રોહ છે. તેમણે ઉમેર્યું કે તેઓ આવા અપવાદ તરફ ધ્યાન દોરવા માંગે છે જેથી અન્ય આગેવાનો તેમને યોગ્ય માર્ગદર્શન આપી આવી પરિસ્થિતિ સુધારી શકે.

શૈક્ષણિક સહાય બાબત ચર્ચા સત્રના અંત ભાગમાં શિક્ષણ પ્રસારક સમિતિ તરફથી શિક્ષણ ક્ષેત્રે તો ક્યારનીય 'વન-વીંડો સીસ્ટમ' અપનાવાઈ ગઈ છે એવો ખુલાસો કર્યો તે પહેલાં બહારગામના કેટલાક આગેવાનોએ એવી ફરિયાદ કરી હતી કે શિક્ષણ પ્રસારક સમિતિએ આ બાબત વિવિધ મહાજનો સાથે સંપર્ક કેળવવો જોઈએ કેમકે જ્ઞાતિસ્તરે ઘણી સારી વ્યવસ્થા હોવા છતાં દેશાવરના ઘણાં જ્ઞાતિજનો આ બાબત મુંઝવણ અનુભવી રહ્યા હોય છે અને તેઓ ઈચ્છે છે કે સ્થાનિક મહાજન આ બાબતે કંઈક સહાયતા કરે.

વક્તાઓએ એ બાબતની પણ નોંધ લીધી હતી કે હવે સરકારી સ્તરે પણ રૂા. એક લાખ જેટલી આવક ધરાવનારા માટે સરકારી મેડીક્લેમ સ્કીમ છે તથા શિક્ષણ માટે પણ જૈન માયનોરીટી તરીકે સારી એવી સહાયતા મળી રહી છે. એવા સરકારી લાભોની યોજનાનો પૂર્ણ પ્રચાર થવો જોઈએ.

એકંદરે આયોજકોએ જે મર્યાદિત ઉદ્દેશ્યની ચર્ચા-વિચારણા, નિર્ણય માટે ચર્ચાસત્ર બોલાવેલું તેથી ઘણી વધુ સારી ચર્ચા વિચારણા થઈ. અલબત્ત એની ફલશ્રુતિ ત્યારે જ વખણાય જ્યારે સમસ્ત મહાજન પોતાના સાંકળા ઉદ્દેશ્યથી વધુ કાંઈ કરવા પ્રેરાય.

અલબત્ત, હકીકતમાં જે થાય તે પણ, સમસ્ત મહાજને જ્ઞાતિજનોને-જરૂરતમંદોને અપાતી સાધર્મિક, મેડીકલ અને શૈક્ષણિક સહાય અંગે પોતાના વિચારો વ્યક્ત કરવાની તક આપી તેનો યોગ્ય ઉપયોગ કરી જ્ઞાતિજનોએ જરૂરતમંદ જ્ઞાતિજનોને અરજી વગર સહાય મળવી જોઈએ એ વાત પર ભાર મૂક્યો તે કચ્છી દશા ઓસવાલ સમાજના સમાજજીવનની સમૃદ્ધિનું પ્રતિબિંબ પાડે છે.

## ટ્રસ્ટોના અંદાજપત્રો

જ્ઞાતિના સર્વ ટ્રસ્ટો અને મહાજનોને વર્ષ ૨૦૧૩-૧૪ માટેના પોત-પોતાના અંદાજપત્રો બનાવી તેની નકલો 'પ્રકાશ-સમીક્ષા' ને મોકલવા અનુરોધ કરીએ છીએ જેથી શક્યતઃ તે સંપૂર્ણતઃ અથવા તેના મુખ્ય અંશોની પર્યાપ્તપણે રૂપરેખા મળી શકે તે રીતે જ્ઞાતિજનોની જાણકારી માટે 'પ્રકાશ-સમીક્ષા' માં પ્રકાશિત કરી શકાશે. મહારાષ્ટ્રમાં નોંધાયેલ ટ્રસ્ટો અને સંસ્થાઓને કાયદાની જોગવાઈઓ હેઠળ ૩૧ માર્ચ સુધીમાં તેવા અંદાજપત્રો ચેરીટી કમીશનરના દફતરે ફાઈલ કરવાનું ફરજિયાત છે.

મહારાષ્ટ્રમાં નોંધાયેલ જે ટ્રસ્ટો/મહાજનો/ સંસ્થાઓના અંદાજપત્રોની નકલો 'પ્રકાશ-સમીક્ષા'ને **૩૦ એપ્રિલ-૨૦૧૩** સુધી નહીં મળે તેમણે આવા અંદાજપત્રો તૈયાર કર્યા નથી અથવા તો જ્ઞાતિને તેની જાણકારી આપવામાં તેમના સંચાલકોને રસ નથી તેવો નિષ્કર્ષ જ્ઞાતિજનો કરી શકશે.

તેવી જ રીતે મહારાષ્ટ્ર સિવાયના અન્ય રાજ્યોમાં નોંધાયેલ ટ્રસ્ટ, મહાજન અને એકમોએ પણ પોતાની સંસ્થાની આગામી વર્ષમાં કઈ પ્રવૃત્તિઓ યોજવી છે તેની પૂર્વ વિચારણા કરી તે વિષે અર્થસંકલ્પ (બજેટ) તૈયાર કરી તેની એક નકલ અથવા તો તેની આગામી પ્રવૃત્તિઓના મુખ્ય મુદ્દાઓ સાથેની સંક્ષિપ્ત રૂપરેખાની માહિતી 'પ્રકાશ-સમીક્ષા' ને ૩૦ એપ્રિલ ૨૦૧૩ સુધી મોકલી જ્ઞાતિજનોને જાણકારી આપવાની ફરજ અદા કરશે એવી અપેક્ષા.

*- તંત્રી*

॥ શ્રી ભલારાદાદાય નમઃ ॥

# શ્રી ભલારા દાદા ટ્રસ્ટ - લાલપુર

પૂ. ભલારાદાદાની ૨૫મી સમુહ પહેડી પ્રસંગે સમસ્ત જ્ઞાતિના ભાવિકોને **હાર્દિક આમંત્રણ**

૨૫મી સમુહ પહેડીના લાભાર્થી પરિવારો :

**માતુશ્રી કુંવરબાઈ વિશનજી માંયા મોતા પરિવાર** (સુથરી-વિક્રોલી)

**માતુશ્રી લીલાવતી લક્ષ્મીચંદ રતનશી લોડાયા (મંજલીયા) પરિવાર** (સુથરી-મુલુંડ)

**શુભ સ્થળ : પોલીસ ફુટબોલ ગ્રાઉન્ડ, વલ્લભબાગ લેન એક્સટેન્સન, ઘાટકોપર (ઈસ્ટ).**

**શુભ દિવસ : ચૈત્ર સુદ એકમને ગુરૂવાર તા. ૧૧.૪.૨૦૧૩ (ગુડી પડવો)**

**સમય : સાંજે ૪.૦૦ કલાકે. દાદાની પહેડી-પ્રસાદ અને મહા આરતીનો લાભ લેશોજી**

**ભક્તિ સંગીત :** અષાઢી કલાકાર **શ્રી કિશોર મનરાજા** અને કચ્છ-લાલાના ટેહૂકતા મોરલા **શ્રી હંસકુમાર મૈશેરી** અને સાથીદારો દાદાની ભક્તિભાવનામાં ભીતર ભીનું કરાવશે.

શ્રી દાદાના ૨૯ સ્થાનોની સીડી અને તેમના જીવનકવનનાપુસ્તકનું વિમોચન.

જ્ઞાતિના આઠમા વસતીપત્રકનું ઓન લાઈન વેબસાઈટ ડેમોન્સ્ટ્રેશન

રાતે ૮.૩૦ દ્વિતીય મહા આરતીમાં હજારો દિવડાઓની જ્યોતિના ઝગમગાટે ભક્તિ

**અગત્યની સૂચના :** લાલપુર સ્થાને નૂતન અતિથીગૃહનું નિર્માણ પુરજોશમાં ચાલુ છે. જેના મોડેલની પ્રતિકૃતિને અવશ્ય નિહાળશો. વધુ વિગત સમયે સમયે આપની સમક્ષ રજૂ કરવામાં આવશે.

## -: લાલપુર સ્થાનકે ધવજા મહોત્સવ કાર્યક્રમ :-

ચૈત્ર સુદ ૧૩-૧૪ અને ચૈત્રી પૂનમ મંગળ, બુધ અને ગુરૂવાર તા. ૨૩-૨૪-૨૫ એપ્રિલના ભલારાદાની અચિંત્ય કૃપા અને પરમ વંદનીય પૂ. યતીશ્રી મોતીસાગરજી મ.સા.ની નિશ્રામાં દિલેર દાતાશ્રીઓ અને આપ સૌના ઉત્સ્ફૂર્ત સહકારથી ત્ર્યાન્હિકા મહોત્સવનું ભવ્ય આયોજન છે જેમાં નિત્ય આરતી, ભક્તિ ભાવના, દાદાનો પાઠ અને રાત્રે મહાઆરતીના દિવડા પ્રગટશે. સર્વે ભાવિકોને આમંત્રણ...

## -: કાર્યક્રમ :-

**મંગલવાર તા. ૨૩.૪.૨૦૧૩ :** સવારના ૬ ક. દાદાના સ્થાનથી ધર્મનાથ જિનાલયે મહાવીરસ્વામીની રથયાત્રા ચઢશે. રાતના પ્રભુ ભક્તિભાવના.

**બુધવાર તા. ૨૪.૪.૨૦૧૩ :** સવારના ૯ ક. ભલારાદાદાના જાપ, વિજય મુહર્તે ૧૨.૩૯ના શ્રી મહાકાલી માતાજીનું પૂજન ભણાવાશે. રાતે ૧૦.૦૦ પ્રખ્યાત કલાકાર શ્રી વિક્રમભાઈ અને સાથી કલાકારો દાદાના સ્તવનોની રમઝટ જમાવશે.

**ગુરૂવાર તા. ૨૫.૪.૨૦૧૩ :** સવારના ૮.૩૦ ક. ધોળી ધજાના ધણી ભલારાદાદાની ધજા ચઢશે. તથા વિવિધ ઉછામણીએ આદેશો અપાશે. મોટી આરતી બાદ દાદાનો ભંડારો રહેશે. સાંજે સમુહ પાઠ. ઉપરોક્ત હર કાર્યક્રમમાં ઉછળતા ભાવે ભાગ લેવા આમંત્રણ છે.

શ્રી ભલારાદાદા સ્થાનક વ્યવસ્થા સંભાળનાર : **શ્રી વિરેન્દ્રભાઈ**-02895-273348/09996123147

નિમંત્રક : **શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુરના સર્વ ટ્રસ્ટીશ્રીઓ**

## વિવિધક્ષેત્રે જ્ઞાતિ પ્રતિભાઓ 'આપબળ' : શ્રી ભાણજી જેવત ખોના

કેટલાક બડભાગી મ્હોંમાં ચાંદીનો ચમચો લઈને જ જન્મે છે અને ગર્ભશ્રીમંતમાં પોતાની ગણના કરાવે છે; તો કેટલાક ખંત, સાહસ, શૌર્ય કે બુદ્ધિબળથી જાતે શ્રીમંત બને છે અને આપબળથી આગળ વધેલાઓમાં પોતાની ગણના કરાવે છે. શ્રીયુત ભાણજીભાઈ આવી રીતે આપબળથી આગળ વધેલા શ્રીમંત ગણાય.

આપબળથી આગળ વધનાર શ્રીમંતનું જીવન અનેક સાહસો, સુખદુઃખના અનુભવો, ચડતીપડતીના ચમકારાઓ, જીવનજંગના જાલિમ ઝંઝાવાતો અને પરાક્રમોની પરંપરાથી ભરપૂર હોય છે. આવું જીવન અનેક આશાભર્યા યુવાનોને માર્ગદર્શક થઈ પડે છે, એટલું જ નહિં, પરંતુ જિજ્ઞાસુઓને પુરૂષાર્થરૂપી પ્રેરણાના પિયુષ પાઈને જીવનસાફલ્ય માટે માર્ગદર્શક થઈ પડે છે. શ્રી ભાણજીભાઈનું જીવન પણ આવું પ્રેરણાદાયી અને પ્રોત્સાહક છે.

સમુદ્રયાત્રા, વહાણવટું, વાણિજ્ય અને ગમે તેવા અઘરા કાર્યોમાં માથું મારનાર સાહસ શૂરાઓને જન્મ આપનારી શૌર્યભૂમિ કચ્છમાં નલીયાના સાધારણ સ્થિતિના કુટુંબમાં સં. ૧૯૪૨માં તેમનો જન્મ થયો.

તેમની પાંચ વર્ષની ઉંમરે નલીયાના જૈન ગોરજીની પૌષધશાળામાં તેમના શિક્ષણનો પ્રારંભ થયો. કેવળ ત્રણ ગુજરાતી ચોપડીના અભ્યાસમાં તેમને ભણતરની ઈતિશ્રી કરવી પડી હતી.

પિતાશ્રીની સ્થિતિ સાધારણ હતી. સલાટકામ કરીને તેઓ જીવનનિર્વાહ ચલાવતા હતા. કચ્છમાં બીજો ધંધો રોજગાર ન હોવાથી ભાણજીભાઈને પણ ટાંકણા હથોડાનો આશ્રય લેવો પડ્યો, અને પિતાના કામમાં જોડાવું પડ્યું. પરંતુ આ કાર્યમાં એમને રસ ન પડ્યો. એ કામથી મળતા મામુલી ઉત્પન્નથી એ ન સંતોષાયા. 'ફરે તે ચરે' એ સૂત્ર એમના મસ્તકમાં હરહંમેશાં ઘૂમ્યા કરતું.

તેર વર્ષની વયે સંસારધુરામાં જોડાયા પછી કુટુંબ પ્રત્યેની જવાબદારી યથાસ્થિતિ અદા કરવા તેઓ દિવસે દિવસે વધારેને વધારે આતુર બનતા ગયા, અને સં. ૧૯૫૮માં એમણે માતૃભૂમિને વંદન કરીને કચ્છનો કિનારો છોડીને પોતાની ભાગ્યનૌકાને મુંબઈબંદર તરફ હંકારી મૂકી.

પ્રથમ તો તેમણે સગાંવ્હાલાંઓની સહાયથી વેપારી લાઈનનો અનુભવ મેળવી લીધો, સાધારણ નોકરી પણ કરી લીધી, એ નોકરીને અંગે બે-ત્રણ વાર પોતે પંજાબ પ્રદેશમાં પર્યટન પણ કરી આવ્યા. સં. ૧૯૬૦માં રૂના જાણીતા વેપારી શેઠ દામજી અરજણની કાં. ની સેવા કરવાનો લાભ એમને મળ્યો, અને એ નોકરી કરતાં કરતાં કંપનીના કામકાજને અંગે મુંબઈ ઉપરાંત ગુજરાત, ખાનદેશ, વરાડ, નિમાડ અને મોગલાઈ જીલ્લાના વેપારી કેન્દ્રોમાં એમને ફરવું પડ્યું. જેના પરિણામે અવનવા વેપારી અનુભવ સાથે જાતજાતના વેપારીઓનો પણ તેમનો પરિચય થયો.

એમના ભાગ્યોદયનાં પ્રાથમિક પગરણ સં. ૧૯૬૫માં થયાં. એ વર્ષમાં શેઠ જાદવજી કેશવજી તેલવાળાએ પોતાની પેઢીમાં એમને રાખી લીધા; અને શ્રી ભાણજીભાઈનું મલબારના કાંઠે-કોચીનમાં આગમન થયું. લગભગ પાંચ વર્ષ સુધી એ પેઢીના નોકર તરીકે કામ કરનાર શ્રી ભાણજીભાઈ સં. ૧૯૭૦ના પ્રારંભથી એ પેઢીના એક ભાગીદાર બન્યા. આ ભાગીદારી આઠ વર્ષ સુધી સંપ અને સહકારપૂર્વક નભી, પરંતુ સં. ૧૯૭૮ના જેઠ માસ આખર કોઈ પ્રમાણિક મતભેદને લીધે તેઓ રાજીખુશીથી એ ભાગીદારીમાંથી છૂટા થયા અને સં. ૧૯૭૮ના આષાઢ સુદ ૨ થી તેમણે કોચીનમાં પોતાના નામે પોતાની સ્વતંત્ર પેઢીનું મંગળ મુહૂર્ત કર્યું.

પેઢી માટે જોઈતી નાણાંની પૂંજી એ વખતે તેમની પાસે નહોતી. હતી માત્ર વ્યાપારી કુશળતા અને સાથોસાથ પ્રમાણિકતારૂપી પૂંજી. આ નાણાં વગરની પરંતુ વેપારમાં સફળતા અપાવનારી અલભ્ય પૂંજી સાથે કેવળ પોતાના આત્મબળ અને શ્રદ્ધાથી આ નવી પેઢી રૂપી નાવથી તેમણે વહેતું મૂક્યું, એ નાવને સતત પ્રયાસરૂપી હલેસાં મારી આગળ ધપાવ્યું, અને તેને સફળતાના કિનારે પહોંચાડવા ભગીરથ પુરૂષાર્થ આદર્યો. સં. ૧૯૭૯ માં 'ધી મરચન્ટ સ્ટીમ નેવીગેશન કાં.' ની એજન્સી શ્રી ભાણજીભાઈને મળી. ત્યાર પછી તો દાદામીયાં ખંડવાણીની સ્ટીમરો તથા ખોપકર અને ભાજેકરવાળી સ્ટીમરોની એજન્સી તેમણે મેળવી અને એક આફ્રિકા લાઈનની સ્ટીમર કાં. ની એજન્સી પણ લીધી હતી. ધી સન લાઈફ ઈન્સ્યુરન્સ કાં. ઓફ કેનેડા, ધી યુનીવર્સલ ફાયર એન્ડ જનરલ ઈન્સ્યુરન્સ કાં. તથા ત્રણ ચાર દેશી વહાણોની એજન્સી પણ એમની પાસે હતી. આજે પણ આમાંની ઘણી કંપનીઓની એજન્સી તેમના હાથમાં છે.

એમનો મુખ્ય વેપાર તો મલબારમાં પેદા થતા કરિયાણાનો છે તેને લગતું કામકાજ તેઓ કમીશનથી પણ કરવા કામધંધામાં રચ્યા પચ્યા રહેતા હોવા છતાંય ધર્મ તરફની તેમની આસ્થા અવિચળ રહેવા પામી. સં. ૧૯૯૩ના આસો માસમાં નલીયામાં એમને ત્યાં નવપદજીની ઓળીનું ઉજમણું ઉજવાયું એમના માતુશ્રી રતનબાઈ તથા પિતાશ્રી જેવતભાઈના સ્વર્ગવાસ બાદ અવસર કરવામાં તેમણે છૂટે હાથે પૈસો વાપર્યો હતો, અને પુત્ર તરીકેનું ઋણ ઉત્તમ રીતે અદા કર્યું હતું. નલીયા

તથા કોચીનમાં બે-ત્રણ વખત ત્રાંબાપિત્તળના વાસણોની લ્હાણી કરીને તેમણે પોતાની સામાજિક વ્યવહાર કુશળતા દર્શાવી છે.

કીર્તિદાનનો તેમને મોહ નહીં. તેઓ ગુપ્તદાનમાં માને અને ખાનગી રીતે અનેક ગરીબોને મદદ કરે. પોતાની જીંદગીના છેલ્લાં ત્રીસ વર્ષમાં હજારો રૂપિયા એમના હાથે પોતાના કુટુંબીજનો, સગાંસ્નેહીઓ અને અન્ય ગરીબ લોકોને મદદ આપવામાં વાપર્યા. પરંતુ એ વાત માત્ર તેમનો જમણો હાથ જાણે અને એ જાતે જાણે એવી સાવચેતી સાથે ઉદાર ભાવના તેઓ સેવતા.

એમની કુટુંબવત્સલતા અને ભાતૃભાવ ખાસ નોંધને પાત્ર છે. પોતાના નાના પાંચ ભાઈઓના સગપણ, લગ્ન વગેરે વ્યવહારિક કાર્યોમાં પોતે સક્રિય સાથ, સહાય અને સહકાર આપીને વડીલબંધુ તરીકેનું પોતાનું કર્તવ્ય તેઓ યથાસ્થિત બજાવતા.

એમનો આતિથ્યસત્કાર પણ પ્રશંસાપાત્ર છે. પેઢીમાં બહારગામથી ગમે તે માણસ આવી ચડે તેને યોગ્ય આદર સત્કાર મળવાનો જ. ઉપરાંત ગરીબ કે શ્રીમંત ગમે તે તેની પાસે જાય તેનું સમાન ભાવનાપૂર્વક સન્માન થાય છે.

એમની કાર્યશક્તિ પણ ગજબની કોઈ નવજુવાનને પણ શરમાવે એટલી સ્ફૂર્તિથી તેઓ આટલી ઉંમરે પણ સવારના ૭ થી સાંજના ૮ વાગ્યા સુધી એકધારૂં કામ કર્યા કરે, રોજેરોજની થોકબંધ ટપાલના જવાબ આપે. અને પેઢીમાં કામ કરતાં સંખ્યાબંધ સેવકોને જરૂરી સૂચનાઓ આપવા સાથે તેનો વેળાસર અમલ થાય એ જાતે જુએ. તેમની સ્મરણશક્તિ તીવ્ર, કામમાં ચીવટ, ચોખ્ખાઈ અને નિયમિતતા જાળવવી એ એમનો મુદ્રાલેખ.

કમીશન એજન્ટ તરીકે એમની સારી શાખ ગ્રાહકોનું હિત જાળવવાની એમનામાં પ્રમાણિકતા અને ધંધામાં પણ પ્રમાણિકતા સાથે સૌજન્યભર્યું વર્તન રાખવાની એમનામાં સુંદર કળા શ્રીમંત હોવા છતાં સાદાઈના સદ્‌ગુણોને એમણે અપનાવ્યા. એમના આ સદ્‌ગુણો વિશેષ વિકાસ પામે, અને એ દીર્ઘાયુ ભોગવી વ્યાપારવૃદ્ધિ સાથે અનેક આશ્રિતોને અને ગરીબોને વધુ ને વધુ સહાય કરવા ભાગ્યશાળી થાય એમ સૌ કોઈ ઈચ્છે એ સ્વભાવિક છે.

સાધન વિના સાહસ ખેડીને જાતમહેનત અને પુરૂષાર્થની જીવનસિદ્ધિ મેળવનાર શ્રી ભાણજીભાઈનો જીવન-પરિચય જીવનસંગ્રામ ખેડતા અનેક આશાભર્યા યુવાનોને માર્ગદર્શક થઈ પડે અને આપબળથી આગળ વધવાની પ્રેરણારૂપ નીવડે એ જ અભ્યર્થના!

*(પ્રકાશ-સમીક્ષાનાં માર્ચ ૧૯૫૦ના અંકમાંથી)*



## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ "તેજ" ની અમૃતવાણી... (૨૫)

**- સોમ ધરમશી** (કચ્છ)

**કેર ભીઝણ ભારી લગેં, કેર હલકો ફુલ શરીર**
**કેર સાંયર સામાજી વગે, કેર ટિકે ન ટિપો નીર**

**શબ્દાર્થ :** ભીઝણ = ભીંજાવવું, સાંયર = દરિયો નીર = પાણી.

**ભાવાર્થ :** કવિશ્રી તેજની આવી અસંખ્ય રચનાઓ વિશે કચ્છી કાવ્યનાં પ્રખર વિવેચક શ્રી પ્રભાશંકર ફડકે "શબ્દનાં સથવારે" નામનાં પુસ્તકમાં નિર્દેશ કરે છે કે, "કવિ તેજ એટલે સાહિત્ય જગતનો એક ચમત્કાર. પ્રણય હોય કે પ્રકૃતિ વર્ણન તેજ સર્વત્ર એક સરખા. નીતીબોધ અને દાર્શનિકતા એમને સુલભ છે."

સમય અને સંજોગની માર્મિક વાતને કવિશ્રીએ સરસ મજાનાં રૂપકો સર્જી આપણી સમક્ષ મનોમંથન માટે મુક્યા છે. વરસતા વર્ષાનાં પાણીમાં આપણે છત્રી ન લઈ ગયા હોઈએ. અને ભીંજાઈયે તો એ પાણી ભારે પડી જાય. તાવ, શરદી, કફ, ઉધરસનો હુમલો આવી જાય. પણ ક્યારેક અતિ થાકેલા હોઈએ અને સરસ મજાના હુંફાળા પાણીથી જો નહાવા મળે તો થાક બધો ઉતરી જાય અને આપણને હલકા ફુલ જેવા મહેસુસ કરીએ. પાણી તો એનું એજ છે પણ સંજોગ-સમય જુદા છે. ક્યારેક ભીંઝાવું ભારી લાગે છે. તો ક્યારેક એ હલકું ફુલ બનાવી દે છે.

માર્મિકતાનો દોર આગળ ચલાવતાં કવિ કહે છે કે, ક્યારેક માટલામાં સાંયર એટલે કે દરિયાના પાણીથી છલોછલ ભરાઈ જાય તો ક્યારેક તેમાં એક ટીપું પણ ટકતું નથી. આ સંદર્ભ કવિ કેટલાક લોકોની માનસિકતા તરફ ચીંધતા કહે છે. ઠાવકા અને ગંભીર વ્યક્તિઓ પોતાના પેટમાં દરિયા જેવી વિશાળ વાતોને ભરી છુપાવી લે છે-તો કેટલાકનાં પેટમાં વાત જરા પણ ટકતી નથી. "આ ખાનગી વાત છે તમને કહું છું બીજાને કહેતા નહીં" એમ કહીને એ વાત આખા ગામમાં ફેલાઈ જાય છે.

જીવની સાર્થકતા એમાં જ છે કે જે સાધન અને સંજોગ મળે તેનો સદ્‌ઉપયોગ કરી જીવનને આનંદીત બનાવીએ. આવી જ માર્મિક વાતને વિસ્તારતી એક-બે પંક્તિઓ યાદ આવે છે.

***જીવન મેં આતે રહે, પતઝડ ઓર બસંત***
***મન કી સમતા ના છુટે, તો સુખ-શાંતિ અનંત***

# TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon- MH. 424101.

## CHARITY BEGINS AT HOME

In Himachal Pradesh, in a small hamlet of Solam District, an old woman named Kaveri lived in her small house with Himalayan mountain peaks overlooking it. Being a hilly state, all the towns and villages have beautiful natural scenary on all sides. Hill people though poor, are always cheerful. They live in perfect peace and are full of joy and mirth. They celebrate their festivals with full fervour and excitement. Kaveri was a virtuous woman. She led an active life and worked very hard on her small patch of land single handled, after the untimely death of her husband when she was just a young woman of 25 years. Unfortunately she had no son or daughter. As such she had no one to depend upon. As a result she had become hardened and resourceful. Being a staunch believer of God, she went to temple regularly and said her prayers with utmost devotion and piety. She had a melodious voice and sang religious songs which were likes by all in the village. She knew the value of hard work and due to this habit, she raised sufficient grains from her patch of land which lasted the whole year. In this manner, Kaveri spent her days peacefully.

Kaveri had been nursing one desire since her youthful days. It was to go on pilgrimage to Badrinath in high Himalayas had pray at Lord Vishnu's shrine before going away from this world. Ahe had seen her parents talking about sacred BADRINATH AND ALWAYS YEARNING TO GO ON A PILGRIMAGE EVEN TO THE FOUR DHAMAS, IF POSSIBLE. BUT FATE WILLED OTHERWISE. We are all toys in the hands of God. They could not fulfill their desire due to poverty and ill health. Kaveri had been wise. She was saving some money and depositing it in a tin box for years. On a full moon day she observed the Poornima fast and opened her bot to count the money. It was a tidy sum of Rs. 700. Kaveri was extremely happy to think she could now proceed on her pilgrimage to Badrinath. She was not busy making preparation for her journey. The day of departure arrived. Kaveri packed her things and tied a bedding with necessary sheets, blankets etc. When she was about to move out of her dwelling, young Ronak came panting and began to sob uncontrollably. His father had died suddenly. Kaveri knew that Ronak had lost his mother a year back in tragic circumstances having being assailed by a tiger, while working on her field in Champavat (Garhwas, Himalayas). After her death Ronak accompanied his father to this village. He had been engaged in a road building project and they were passing their days in utter destitution. She called up other villagers. For cremation money was needed. Everyone was mute. In fact, they were all in want. Kaveri rose to the occasion. She took out her wallet, and emptied it before the Sarpanch. The sum of 700 rs. Which she had saved for years to go to Badrinath was used up for the last rites of this destitute labourer. Was she unhappy? No, Kaveri was feeling as if Lord Badrinath had blessed her profusely in her own house. This was the true pilgrimage. In fact it was the act of charity done at one's own home.

CONCLUSION-SERVICE TO HUMANITY IS SERVICE TO GOD

**PROVERBS ARE LAMPS TO LIFE**

Don't let yesterday take up too much of today

* better a little fire that warms that a big one that burns.

*** Desires are dreams if they are not converted into deeds.

***** If you love your creator, love your fellow beings first.

**Amazing facts about the movie 'TITANIC'**

1) 'TITANIC Hollywood is the only film that earned one billion dollars at the box office in the history of the film world
2) The exterior shooting set of the ship was about 775 feet long. It included the 17 million gallon sea water tank in which to sink her.
3) the film 'TITANIC' LASTS 34 MINUTES LONGER THAN IT TOOK THE REAL SHIP 'TITANIC' TO SINK IN THE ICE COLD WATERS OF THE NORTH ATLANTIC OCEAN ON APRIL 15, 1912
4) The film budget was sanctioned as 100 million dollars. But director James Cameron spent 200 dollars to complete it.

**Amazing figures about a watch**

1) the Balance Wheel of a watch turns as fast as an express train travelling at 90 kilometers per hour.
2) The balance wheel, hair spring lever and escape wheel form the heart of the watch. The tiny tick we hear is made by the constant heart beat 4,00,000 times a day.
3) The hair spring coils and uncoils 4,32,000 times a day
4) A mechanical watch has 150 separate parts.
5) an atomic watch powered by hydrogen atoms is a very accurate watch. It loses or gains one second in 30,000 years
6) the bulb inside a wrist watch is 3 time smaller than a pin head.
7) The world's smallest watch is 1.2 cms in length and 0.476 cm in width with a total weight of 7 grams.

**Today's word**

Today's word is 'thing titanic'. Make as many words from this string of words and send it to MRS NEELAM DALESH MOMAYA. THE LONGEST WORD WINS THE PRIZE. THIS WEEK'S PRIZE GODS TO MANNESHA SWESH LALKA, SANTACRUZ. CONGRAGULATIONS. TRY AVOIDING INCLUDING WORDS WITHOUT MEANINGS. THAT'S A NICE HABIT YOU HAVE OF WRITING THE MEANINGS OF NEW WORDS ALONG SIDE. IT HELPS YOU REMEMBER THE WORD AND ITS USAGE BETTER. AND PLEASE BE CAREFUL ABOUT NOT REPEATING THE SAME WORDS. DO BETTER NEXT TIME.

**BE A QUIET DOER**

Feed one hungry neighbour instead of lamenting world hunger.

Cast one intelligent vote instead of cursing corruption in government.

Keep your own sidewalks clean rather than grumbling about litter.

Offer one prayer for peace in place of endless tears about the evils of war.

Be a quiet doer rather than a noisy complainer.

Light side of life

We want to talk

Two elderly ladies were aboard on an airliner for their first flight. One asked the cabin attendant if they would be flying faster then sound

'No' smiled the attendant. 'Not on this flight'

'Oh, I am so glad,' said one of the ladies," We want to talk'.

**Man or woman**

Teacher : 'How old would a person be now if he was born in 1903?'

Student : 'man or woman?'

Teacher : 'why do you ask that?'

Student : 'Because ten years ago when my brother graduated from high school he was 17 and his girlfriend was 16. Now he is 27 and she says she is 21.

**Bye the bye**

Charity is never lost,

It may be met with ingratitude,

Or be of no service to those on whom it was bestowed,

Yet it ever does a work of beauty and grace upon the heart of the giver JAMES ALBERION.


**Since 1984...**

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)

જુના ઘરચોળા લેવામાં આવશે.

**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ


॥ શ્રી આદિનાથાય નમઃ ॥

## શ્રી આદિનાથ દાદામા તીર્થની ૧૩૫મી ધ્વજામહોત્સવ-ત્રિહાનિકા મહોત્સવ

પ્રથમ તિર્થંકર શ્રી આદિનાથ દાદાના તિર્થસ્વરૂપ જિનાલયની **૧૩૫મી** વર્ષગાંઠ પ્રસંગે ત્રિહાનિકા મહોત્સવ સાંયરા ગામે ખૂબ જ ધામધૂમ અને ઉલ્હાસપૂર્વક ઉજવાયો.

- **પૂ. મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા.** તથા **પૂ. તપસ્વી સા. શ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.**ની નિશ્રાએ ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં સોનામાં સુગંધ ભળી...

**આ પ્રસંગે અમો આભારી છીએ...**

- ત્રિહાનિકા મહોત્સવ પ્રસંગે નિશ્રા પ્રદાન કરના **પૂ. સાધુ અને સાધ્વીશ્રીજી ભગવંતોના** અમે હાર્દિક આભાર માની અનુમોદના કરીએ છીએ...
- મહોત્સવમાં દાનની ગંગા વહાવનાર ન્અને વિવિધ ચડાવવાનો લાભ લેનાર તથા ૧૩૫મી ધજાના ચડાવવાનો લાભ લેનાર સર્વ ભાગ્યશાળી **દાતા પરિવારોના...**
- મહાજનશ્રી તથા સંઘના નિમંત્રણને માન આપી વર્ષીતપના આરાધક ભાઈ-બહેન, નિયાણી બહેનો, બહારગામથી પધારેલ સાંયરાવાસીઓ તથા અન્ય ગામમાંથી પધારેલ મહેમાનો અને મહાજનશ્રીઓનો ખુબ ખુબ આભાર...
- વિધિકાર અને સંગીતકાર શ્રી કિશોર ગુણપુરીવાલા તેમના સાથી કલાકાર, વિધિકાર, પુજારી, અન્ય સ્ટાફ જેમણે સંગીતના સુરોના સથવારે મહોત્સવમાં ચાર ચાંદ લગાડી દીધા એમના આભારી છીએ...
- મંડપ ડેકોરેશન અને સજાવટ કરનાર **શ્રી કિરણ મોતા (નલિયા)**ના આભારી છીએ...
- મુંગા પશુઓ માટે જીવદયા/ઘાસચારો માટે ફાળો આપનાર દાતાઓનો આભાર...
- આ મહોત્સવની સંપૂર્ણ વ્યવસ્થા, જવાબદારી અને આયોજન સંભાળનારા **શ્રી વાલજીભાઈ ખોના, શ્રી રતિલાલ ધ્રોળ, શ્રી દિનેશ પટેલ** અને **શ્રી હરીશ ધ્રોળ**ની જહેમત બદલ ખુબખુબ અનુમોદના...
- શ્રી વિજય ધરમશી, બિપિન મોમાયા, પુજારીભાઈઓ, મહાજનશ્રી અને ભોજનાલયના વિવિધ સ્ટાફ તથા નામી/અનામી સર્વે કાર્યકર્તાઓનો ખુબખુબ આભાર...

આ મહોત્સવ દરમ્યાન અમારાથી કોઈ ક્ષતિ રહી ગઈ હોય, કોઈ ભુલ થઈ હોય તો ક્ષમાયાચના... મિચ્છામી દુક્કડમ...

**શ્રી ક.દ.ઓ. જૈન સાંયરા મહાજનના જય જિનેન્દ્ર...**

॥ જય ભલારા દાદા ॥

# દાદા ભલારાની પચીસમી પહેડી

*સિલ્વર જ્યુબિલી... સિલ્વર જ્યુબિલી... સિલ્વર જ્યુબિલી...*

## પહેડીના સ્થળમાં ફેરફાર

## PAHEDI VENUE CHANGE

શુભ દિવસ : **ચૈત્ર સુદ ૧, ગુડીપડવા, ગુરૂવાર** તા. **૧૧.૪.૨૦૧૩**

શુભ સ્થળ : **પોલીસ ફુટબોલ ગ્રાઉન્ડ, વલ્લભબાગ લેન એક્સટેન્સન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૫**

શુભ સમય : **બપોરના ૪.૦૦ વાગ્યાથી રાતના ૧૦.૦૦ સુધી**

**સર્વે જ્ઞાતિજનોને પધારવા હાર્દિક આમંત્રણ**

## લાભાર્થી પરિવારોનું જખૌ મહાજનશ્રી અનુમોદના સહ આભાર માને છે.

**પર્યુષણ કરવા જખૌવાસીઓ તથા નિયાણી બહેનો નામો લખાવવાની છેલ્લી તા. ૩૦-૦૪-૧૩ (થોડી સિટો બાકી છે)**

**✻ મુખ્ય સંઘપતિ** (૧૦૦ યાત્રિકો ના ટીકીટના લાભાર્થી) ✻

**માતુશ્રી મુરબાઈ વિસનજી લોડાયા - બાંઢીયાવાલા હ. અ.સૌ. પ્રભાબેન હેમેન્દ્ર લોડાયા - મુલુંડ**

**✻ સહયોગી સંઘપતિ** (૨૫ યાત્રિકો ના ટીકીટના લાભાર્થી) ✻

**માતુશ્રી બાંચાબાઈ ભવાનજી ઝવેરી - જખૌવાલા હ. શ્રી શામજીભાઈ ઝવેરી - અમદાવાદ**

**✻ જતાં ચૌવિહાર, બસો તથા બપોરે જમણના લાભાર્થી ✻**

**શ્રી હેમરાજ લાલજી લખમશી રામૈયા મૈશેરી પરિવાર - પુના**

**✻ જતાં નવકારશીના લાભાર્થી ✻**

**માતુશ્રી તાજકુંવરબા વેલુભા દિપસંગજી જાડેજા પરિવાર - જખૌ**

**✻ આવતા સંપુંણ દિવસ સાધર્મિક ભક્તિના લાભાર્થી ✻**

**માતુશ્રી વાલબાઈ જેઠાભાઈ નરશી લોડાયા** હ. અ.સૌ કાશ્મિરાબેન દિનેશ લોડાયા **- પુના**

**આવતા બસોના લાભાર્થી : શ્રી પ્રદિપ પદમશી દેવશી મણશી લોડાયા - પુના**
**આવતા બસના લાભાર્થી : શ્રી લહેરચંદ હિરજી હંસરાજ શિયાડ - ધમતરી - પુના**
**આવતા નવકારશીના લાભાર્થી : શ્રી રતનશી દામજી જીવાણી પરિવાર - વાપી**

| સંપર્ક | | | |
|---|---|---|---|
| ભરત જીવાણી | હેમેન્દ્ર લોડાયા | હરીશ શિયાડ | હિરાચંદ શિયાડ |
| 9833921313 | 9146951469 | 9702854854 | 9320064511 |

## આરોગ્ય પ્રકાશ : સ્વાસ્થ્ય માટે ફાયદાકરક ખનીજો

શરીરનાં દરેક અંગ ખનીજ-લવણોથી ઓતપ્રોત છે. શરીરની જે પણ ક્રિયા હોય-રાસાયણીક કે હોર્મોનલ- બધામાં ખનીજ લવણોની ભૂમિકા મહત્ત્વપુર્ણ હોય છે. પ્રકૃતિએ બધા ખાદ્ય પદાર્થોને ખનીજ લવણોથી ભરી રાખ્યા છે, જે લવણ શરીર માટે અનુપયોગી છે, તેને શરીર બફરીંગ સીસ્ટમ દ્વારા પેશાબ, મળ, પરસેવા દ્વારા બહાર કાઢી નાખે છે. આ એક પ્રાકૃતિક ક્રિયા છે જે જાતે જ વણઅટકી ચાલતી રહે છે. જ્યારે કૃત્રિમ રીતે શરીરમાં લવણ-ખનીજની પુર્તિ કરવામાં આવે છે, તો શરીર આ ખનીજ લવણોનો સ્વિકાર નથી કરતું અને તે શરીરમાં જમા થઈ અનેક પ્રકારના રોગો ઉત્પન્ન કરે છે. ખનીજ અકાર્બનિક રાસાયણિક તત્ત્વ હોય છે જે પાણીમાં ઓગળી જાય છે. તે પ્રકૃતિમાં સર્વત્ર ઉપલબ્ધ છે. શરીર માટે ૨૪ પ્રકારનાં ખનીજ લવણોની ઉપયોગિતા છે, જેમાં સાત આવશ્યક અનિવાર્ય તત્ત્વ છે જે શરીરને આંશીક રીતે જોઈતાં હોય છે. તે હિસાબથી પ્રકૃતિના બધા ખાદ્ય પદાર્થો જેવા કે, ફળ, શાકભાજી, અનાજ, દુધ, પાણી વગેરેમાં આ મહત્ત્વનાં ખનીજ લવણો આપેલ છે.

**ખનીજ-લવણોને બચાવવાની રીત**

૧) ફળ-શાકભાજીઓને કાપ્યા પછી ક્યારેય ન ધોવાં, એમ કરવાથી ખનીજ લવણ પાણી સાથે વહીને ચાલ્યાં જાય છે.

૨) દાળ-ભાત, અનાજ વગેરે પહેલાં ધોવાં. આ બધાંને રાંધતાં પાણી બચે તેને પણ ઉપોયગમાં લેવું.

૩) બધાં અનાજ, ફળ, શાકભાજીઓનાં ફોતરામાં ૭૦ ટકા ખનીજ લવણ હોય છે એટલે ફોતરાંનો ઉપયોગ શરીરમાં તેની પુર્તી કરે છે.

૪) ખનીજ લવણ વધારે તાપમાં નષ્ટ થઈ જાય છે. દુધ ખનીજ લવણોનો એક સારો પ્રાકૃતિક સ્ત્રોત છે. દુધને ઉકાળવાથી તેમાં રહેલ ખનીજ લવણ પુરી રીતે નષ્ટ થઈ જાય છે.

૫) ફળોને કાપીને ન ખાવાં. તેને સીધી રીતે જ ખાવા. તો તેની રાસાયણિક શૃંખલા કાયમ રહે છે.

ખાદ્ય પદાર્થ જ્યારે પ્રાકૃતિક સ્વરૂપમાં ખાવામાં આવે છે, ત્યારે તેનો પુરો લાભ શરીરને મળે છે. કૃત્રિમ રીતે તૈયાર કરવામાં આવેલ ખનીજ લવણ થોડા સમય માટે જ સ્વસ્થતા મહેસુસ કરાવે છે. કાયમી પરિણામ તો પ્રાકૃતિક સ્વરૂપથી જ મળે છે.

### ૧. કેલ્શિયમ

**સ્ત્રોત :** મગફળી, તલ, દુધ, નાળીયેર, મુળા, સલગમ, કોબીજ, રાગી, જુવાર, સરગાવો, વાલોળ, રાજગરો, સક્કરટેટી, ખજુર.

**તેની ઉણપથી થતા રોગો :** હૃદયરોગ, દાંતના રોગ, વાળ ખરવા, ઠીંગણાપણું.

**કાર્ય :** શરીરમાં જોવા મળતું સર્વાંધીક પ્રચુર તત્ત્વ છે. તે અસ્થિઓનાં સત્ત્વ અને શરીર નિર્માણમાં ખુબ જરૂરી છે.

### ૨. લોહ (આયરન)

**સ્ત્રોત :** ખજુર, અંજીર, કાળી દ્રાક્ષ, સફરજન, દાડમ, પાલખ, ખીરા, સીતાફળ, શેરડી, બોર, મધ, પપૈયું, મેથી.

**તેની ઉણપથી થતા રોગો :** લોહીની ઉણપ, કમજોરી, કમળો, આફરો, કબજીયાત.

**કાર્ય :** શરીરની જીવન-શક્તિ અને શરીરની ઓજસ્વીતા વધારવામાં મદદ કરે છે.

### ૩. સોડીયમ

**સ્ત્રોત :** સાધારણ મીઠું, પાણી, બટાટા, આદુ, લસણ, ડુંગળી, મરચાં, પાલખ, વાલોળ, કારેલાં, જાંબુ, ફાલસા, શેતુર.

**તેની ઉણપથી થતા રોગો :** બ્લડ-પ્રેશર, અનિદ્રા, શરીરમાં દુઃખાવો, અપચો, કીડનીના રોગો, મોતીયો, બહેરાશ, હાથ-પગ અકડી જવા.

**કાર્ય :** પાચક રસાયણ ઉત્પન્ન કરે છે. રક્ત-શોધક છે. કાર્બોનિક એસિડ ગેસ બહાર કાઢવામાં મદદરૂપ.

### ૪. આયોડીન

**સ્ત્રોત :** સીંઘાડા, કમળકાકડી, કોબીજ, નાસપતી, રાજગરો, શતાવરી, મીઠું, સમુદ્રી મીઠું, લસણ.

**તેની ઉણપથી થતા રોગો :** થાઈરોઈડ, ઠીંગણાપણું, કબજીયાત, વાળ ખરવા, ડીપ્રેશન, બેચેની.

**કાર્ય :** શરીરમાં ઉત્પન્ન થનાર ઝેરોથી મસ્તકને બચાવે છે.

### ૫. પોટેશીયમ

**સ્ત્રોત :** બધાં અનાજ, દાળ, નારંગી, અનેનાસ, કેળાં, રતાળુ, બટેટા, લીંબુ, બદામ.

**તેની ઉણપથી થતા રોગો :** એસીડીટી, કબજીયાત, કરચલીઓ, ખીલ, ચામડીના રોગો, વાળ ધોળા થઈ જવા.

**કાર્ય :** શરીરનાં જ્ઞાનતંતુઓ, યકૃત વગેરેને તંદુરસ્ત રાખે છે.

### ૬. ફોસ્ફરસ

**સ્ત્રોત :** દુધ, પનીર, દાળો, ડુંગળી, ટમેટા, ગાજર, જાંબુ, જામફળ, અખરોટ, કાજુ, બદામ, બાજરી, ચણા.

**તેની ઉણપથી થતા રોગો :** ઓસ્ટીયોપોરોસીસ, મંદબુદ્ધિ, શરીર કઠણ થવું, માનસિક થાક, દાંતના રોગ.

**કાર્ય :** તંત્રીક કોશિકાઓને તંદુરસ્ત રાખી મસ્તકને તાજું રાખે છે.

## ૭. સીલીકોન

**સ્ત્રોત :** ઘઉં, પાલખ, જવ, ચોખા, કોબીજ, ખીરા, કાકડી, મધ.

**તેની ઉણપથી થતા રોગો :** કેન્સર, ચામડીના રોગ, બહેરાશ, વાળ ખરવા

**કાર્ય :** જ્ઞાનેન્દ્રીયોની ક્રિયાશીલતા વધારી શારીરિક જ્ઞાનતંતુઓને પુષ્ટ કરે છે.

## ૮. મેગ્નેશ્યમ

**સ્ત્રોત :** જવ, બાજરી, બીટ્સ, ખજુર, સોયાબીન, દુધ, લીચી, કારેલા.

**તેની ઉણપથી થતા રોગો :** ઉદાસીનતા, આળસ, તાણ, અનિદ્રા, બેચેની, સોરાયસીસ, ફોડલા, નપુંસકતા, વાંઝીયાપણું.

**કાર્ય :** પેશી, તંત્રીકાનાં કાર્યોને બરાબર કરે છે.

## ૯. સલ્ફર

**સ્ત્રોત :** દુધ, પનીર, દાળ, ટમેટા, બટેટા, આદુ, મરચાં, વાલોળ, અનાનસ.

**તેની ઉણપથી થતા રોગો :** મેદસ્વીતા, ડાયાબીટીસ, વાળ ખરવા, રોગપ્રતિકારક શક્તિ ઘટવી.

**કાર્ય :** ઈન્સ્યુલીન રેચક બનાવે છે.

## ૧૦. ક્લોરીન

**સ્ત્રોત :** પાણી, બીટ, મીઠું, દુધ, લીંબુ. આમળાં, મધ.

**તેની ઉણપથી થતા રોગો :** એસીડીટી, અલ્સર, કેન્સર, કબજીયાત, એલર્જી.

**કાર્ય :** સોડીયમ અને પોટાશીયમના પાચનમાં સહાયતા પ્રદાન કરે છે અને અમ્લાક્ષરનું સંતુલન કરે છે.

**- ડૉ. વીરેન્દ્ર અગ્રવાલ**

('આયુશ્યમાન'માંથી સાભાર)

**સુચના**

**'પ્રકાશ-સમીક્ષા' વાર્ષિક લવાજમ**

*'પ્રકાશ-સમીક્ષા' સાપ્તાહિકનું વાર્ષિક લવાજમ રૂા.૫૦/- એપ્રિલ'૧૩ થઈ શરૂ થાય છે. આપ 'પ્રકાશ-સમીક્ષા'ના કાર્યાલયે અથવા માનદ્ પ્રતિનિધિઓ પાસે ભરી શકો છો. દર સપ્તાહે જ્ઞાતિ પ્રવાહથી અવગત રાખતા આ સંપર્ક માધ્યમ માટે વાર્ષિક રૂા.૫૦/- સામેથી જાગૃતિ દર્શાવી ભરી દેવા આપણી ફરજ છે. આપના સરનામા ફેરબદલી, સુધારા માટે લેખિતમાં જણાવવા વિનંતી.*

# પ્રથમ માસિક શ્રધ્ધાંજલિ



**સ્વ. સરલાબેન જયચંદ લાપસીયા** (દલતુંગી)

*પરમાત્મા આપના આત્માને ચિરઃ શાંતિ અર્પે એજ પ્રાર્થના...*

-: શોકાતુર પરિવારજનો :-

પતિ : **જયચંદ રતનશી લાપસીયા**

પુત્ર : **જ્ઞાનેશ જયચંદ લાપસીયા** પુત્રવધુ : **રીટા જ્ઞાનેશ લાપસીયા**

પૌત્ર : **કેયુર જ્ઞાનેશ લાપસીયા**

**મા. લક્ષ્મીબાઈ રતનશી વીરજી લાપસીયા પરિવાર ● મા. જેતબાઈ લક્ષ્મીચંદ વીરજી લાપસીયા પરિવાર**

**સ્વ. દેવકાબેન ભવાનજી ઘેલાભાઈ ગડા સમસ્ત પરિવાર (ગોએરસમા)**

-: શુભેચ્છકો :-

**વર્ષાબેન લલીતભાઈ કાંતિલાલ શાહ**

**શ્રી પાર્શ્વ મિત્ર મંડળ-મુલુંડ ચેકનાકા**

**શ્રી મહાકાળી મહિલા મંડળ, મુલુંડ ચેકનાકા**

**શ્રી પાટણ જૈન મંડળ સ્ટાફ**

॥ જય ભલારાદાદા ॥

# ભલારાદાદાની ૨૫મી સમુહ પહેડી

## જાહેર આમંત્રણ

દેવ-ગુરુની અસીમ કૃપાએ અને આપ સૌ જ્ઞાતિજનોના સહકાર-શુભેચ્છાએ આ વર્ષે દાદાની સમુહ પહેડી (રજતવર્ષ)નો લાભ અમારા બન્ને પરિવારને મળેલ છે. પૂ. ભલારાદાદાની ભક્તિભાવના, દર્શન-વંદન અને પહેડી પ્રસાદનો લાભ આપવા સૌ જ્ઞાતિજનોને સપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**શુભ દિન : ગુરૂવાર તા. ૧૧.૪.૧૩ (ગુડીપાડવાની રજા)**
**સમય : સાંજે ૪ કલાકેથી...**
**સ્થળ : પોલીસ ફુટબોલ ગ્રાઉન્ડ, વલ્લભબાગ એક્સટેન્શન લેન, ઘાટકોપર (ઈસ્ટ)**

## પહેડી કાર્યક્રમ

♦ ભલારાદાદાની ભક્તિભાવના ♦ ગીત-સંગીત : **શ્રી કિશોર મનરાજા** અને **શ્રી હંસકુમાર મૈશેરી** તથા પાર્ટી ♦ ભલારા દાદાની આરતી ♦ પહેડી પ્રસાદ ♦ ભલારાદાદાની સીડી તથા પુસ્તકનું વિમોચન ♦ ૨૯ ગામોમાં બિરાજમાન ભલારાદાદાના દર્શન તેમજ તેઓશ્રીનું સીડીમાં અંકિત જીવનકવનનું વિમોચન.♦ ૮મા જ્ઞાતિ વસ્તીપત્રકનું ઓનલાઈન ડેમોન્સ્ટ્રેશન ♦ સમુહ મહાઆરતી ♦ આભારવિધિ

**નોંધ : સાંજે ચૌવિહાર તથા દાદાની પહેડી પ્રસાદનો લાભ આપવા વિનંતી.**

**શ્રી ભલારાદાદા ટ્રસ્ટ - લાલપુર**

**લાભાર્થી : મા. કુંવરબાઈ વીસનજી મોતા પરિવાર • મા. લીલાવતી લક્ષ્મીચંદ લોડાયા પરિવાર** (સુથરી-મુંબઈ)

---

*॥ શ્રી ચામુંડા માતાય નમઃ ॥*

**કચ્છ કોઠારા મધ્યે બિરાજમાન મૈશેરી પરિવારના**
**કુળદેવીશ્રી ચામુંડાની મુલુંડનગરે પાંચમી પહેડી પ્રસાદ પ્રસંગે...**

## ભાવભર્યું આમંત્રણ

કુળદેવીશ્રી ચામુંડામાંની અસીમ કૃપાથી માતાજીની પાંચમી પહેડીનો અમુલ્ય લાભ અમારા પરિવારને મળેલ છે. આ શુભ પહેડી પ્રસંગે **કોઠારા** સ્થાને નમતા સમસ્ત **મૈશેરી પરિવાર**ના ભાવિકો તથા નિયાણી બહેનો/દિકરીઓ સહ પરિવાર તથા આમંત્રીત મહેમાનોને પધારવા ભાવભર્યું આમંત્રણ આપીએ છીએ.

| | | |
|---|---|---|
| **શુભ દિવસ** | : | **ચૈત્ર સુદ ૪ રવિવાર તા. ૧૪.૪.૨૦૧૩** |
| **સમય** | : | **સવારના ૯ થી ૨ સુધી...** |
| **શુભ સ્થળ** | : | **જીવરાજ ભાણજી હોલ, અશોક નગર, મેહુલ ટોકીઝ પાસે, મુલુંડ (વે), મુંબઈ-૮૦.** |

**ભક્તિગીત તથા રાસગરબાની રમઝટ : પ્રીતી ગોગરી એન્ડ પાર્ટી**

આ પહેડી પ્રસાદના સંપુર્ણ લાભાર્થી :

**માતુશ્રી માનબાઈ દામજી ખીંયશી મૈશેરી પરિવાર** (લાલા-મુલુંડ)

(નોંધ : કોઈએ કાળા વસ્ત્રો પરિધાન કરી પહેડીમાં આવવું નહીં.)

# જ્ઞાતિ ગૌરવ : માટુંગાનો એ મહાન અંજનશલાકા મહોત્સવ

મુંબઈના માટુંગાવાસી શ્રી ગોવિંદજી જેવત ખોનાને વિ.સં. ૨૦૧૫ની સાલમાં શ્રી સિદ્ધાચલજી ઉપર આદીશ્વરજી દાદાની ટૂંકમાં આવેલી એક દેરીમાં પ્રભુજીને ગાદીનશીન કરવાનો લાભ મળ્યો હતો. આ સમયે તેમના હૃદયમાં ભાવના પેદા થઈ કે, "શાશ્વતા શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર આપણે નૂતન મંદિર બંધાવીએ અથવા તો અહીંના કોઈ જિર્ણ મંદિરના ઉદ્ધારની તક મળે તો જિર્ણોદ્ધાર કરાવીએ અને તેમાં આપણા ભરાવેલાં શ્રી જિનબિંબોને આપણે પ્રાણપ્રતિષ્ઠા કરાવીને પધરાવીએ." પોતાના પરમોપકારી ગુરુ ભગવંત આચાર્ય શ્રી વિજય રામચન્દ્રસૂરિજી મહારાજાની નિશ્રામાં સિદ્ધગિરિ ખાતે શેઠ ગોવિંદજી ખોનાએ જે ભાવના ભાવી તેના અનુસંધાનમાં વિ. સં. ૨૦૨૧ (ઈ.સ. ૧૯૬૫) ના માગસર મહિનામાં માટુંગા ખાતે એક ભવ્ય અંજનશલાકા મહોત્સવ ઉજવવામાં આવ્યો. આ મહોત્સવમાં જે પવિત્ર જિનબિંબોની અંજનશલાકા થવાની હતી તેની પધરામણી શ્રી શત્રુંજય તીર્થ ઉપર એ ખોના પરિવાર દ્વારા બંધાનારા નૂતન જિનાલયમાં થવાની હતી. શેઠ ગોવિંદજી ખોના માટે જીવનનો આ સર્વશ્રેષ્ઠ અવસર હતો.

ગોવિંદજી ખોનાને (કોઠારા) પ્રારંભમાં ધર્મ પ્રત્યે કોઈ રુચિ ન હતી. વિ. સં. ૧૯૮૬ (ઈ.સ. ૧૯૩૦)ની સાલમાં જ્યારે મુનિ શ્રી રામવિજયજીનું ચાતુર્માસ મુંબઈમાં હતું ત્યારે તેમણે અફવા સાંભળી હતી કે, "આ સાધુ બાળકોને ઉપાડી જાય છે." માત્ર કૌતુક ખાતર તેઓ તપાસ કરવા ગયા અને મુનિ શ્રી રામવિજયજીનાં પ્રવચનો સાંભળીને મંત્રમુગ્ધ બની ગયા. આખું ચોમાસું પ્રવચનો સાંભળી તેમણે મનોમન મુનિ શ્રી રામવિજયજીને પોતાના ગુરુ બનાવ્યા અને કેટલાંક વ્રતો પણ લીધાં. વિ. સં. ૨૦૧૧માં (ઈ.સ. ૧૯૫૫) આચાર્ય શ્રી વિજય રામચન્દ્રસૂરિજી મહારાજે રાજગૃહી તીર્થમાં ચોમાસું કર્યું ત્યારથી તેઓ દરેક પર્યુષણની આરાધના આચાર્ય મહારાજ જ્યાં હોય ત્યાં સપરિવાર જઈ કરતા આવ્યા હતા. હવે આચાર્ય મહારાજ સપરિવાર તેમના આંગણે પધાર્યા એટલે તેમનો હરખ સમાતો નહોતો. આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરિજી મહારાજ જ્યારે માટુંગા પધાર્યા ત્યારે સાચા હીરાની ગહુંલીથી તેમનું સ્વાગત કરવામાં આવ્યું. ગોવિંદજીભાઈ ખોના પરિવારની ભાવનાને લક્ષ્યમાં લઈને માટુંગા તપગચ્છ જૈન સંઘે પૂજ્યશ્રીનું ચાતુર્માસ જીવણ અબજી જ્ઞાનમંદિર-માટુંગા-મુંબઈમાં કરાવ્યું. આ ચોમાસું ખૂબ જાહોજહાલીભર્યું થયું. રતિલાલ મનજી, મણિલાલ સોભાગચંદ વગેરે આગેવાનો આ ચાતુર્માસમાં ધર્મના રંગે રંગાયા હતા. ગોવિંદજીભાઈએ ચોમાસામાં ખૂબ ઉદારતાથી ધન ખર્ચ્યું હતું.

માટુંગામાં અંજનશલાકા મહોત્સવ શરૂ કરવાનું શ્રેષ્ઠ મુહૂર્ત કારતક સુદ તેરસનું આવતું હતું. પ્રભુજીની પ્રતિષ્ઠાનો દિવસ માગસર સુદ ત્રીજનો નક્કી હતો. આમ કરવામાં મહોત્સવ કુલ ૨૧ દિવસનો થઈ જાય અને ખર્ચો વધી જાય તેમ હતું. ગોવિંદજીભાઈએ તો આ વિમાસણને આશીર્વાદ માની વધાવી લીધી અને કારતક સુદ તેરસે જ મહોત્સવ શરૂ કરવાનું નક્કી થયું. મહોત્સવ માટે બીજી મોટી વિમાસણ આટલું મોટું મેદાન ક્યાંથી મળશે તેની હતી. માટુંગામાં કોઈ મેદાન મળતું ન હતું. ગોવિંદજીભાઈ તો મુલુંડમાં મહોત્સવ કરવાની વિચારણા કરતા હતા. બીજે દિવસે આચાર્ય મહારાજ સાથે દેરાસરે દર્શન કરવા ગયા તો રસ્તામાં એક મેદાન આવ્યું.

આચાર્યશ્રીએ કહ્યું, "આ મેદાન મળતું હોય તો લઈ લેવા જેવું" અને ખરેખર એ મેદાન મળી ગયું.

આ મહોત્સવ પ્રસંગે ગોવિંદજીભાઈની અને તેમનાં ધર્મપત્ની જયાબહેનની આજીવન બ્રહ્મચર્ય વ્રત લેવાની ભાવના થઈ. તેમણે જાહેર કરાવ્યું કે જે કોઈ શ્રાવક શ્રાવિકાની ભાવના બ્રહ્મચર્યવ્રત લેવાની હોય તેઓ માટુંગા પધારી શકે છે. જોતજોતામાં સંખ્યા ૪૦ ઉપર પહોંચી ગઈ. આ બધાનું કાશ્મીરી ભરતની શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું.

અંજનશલાકા દરમિયાન ભગવાનના જન્મ કલ્યાણક મહોત્સવ માટે જે કન્યાઓ ૫૬ દિક્કુમારી બની હતી એ બધીને રેશમની સાડીઓ અને ૬૪ ઈન્દ્રોને રેશમી પૂજાની જોડ ભેટ આપવામાં આવી. તીર્થંકર પરમાત્માની જે મૂર્તિઓની અંજનશલાકા કરવાની હતી તેમાં ૧૫ ઈંચના મુનિસુવ્રતસ્વામી ભગવાન મુખ્ય હતા. આ ઉપરાંત ૫૦ આરસની મૂર્તિઓ, એક નીલમની મૂર્તિ, ૧૩ ચાંદીની મૂર્તિ અને ૪૭ પંચધાતુની મૂર્તિઓની અંજનશલાકા પણ આચાર્ય મહારાજના વરદ હસ્તે વિ. સં. ૨૦૨૧ના માગસર સુદ બીજના શુભ મુહૂર્તે કરવામાં આવી. માગસર સુદ ત્રીજના 'ગિરિવિહાર' નામના તેમના ગૃહઆંગણે ગૃહમંદિરમાં ચલ પ્રતિષ્ઠા અને શાંતિસ્નાત્ર સાથે મહોત્સવની પૂર્ણાહુતિ થઈ.

માટુંગામાં જે મૂર્તિઓની અંજનશલાકા થઈ તેની પ્રતિષ્ઠા પાછળથી શત્રુંજય ગિરિરાજની તળેટીમાં બાંધવામાં આવેલા નૂતન જિનાલયમાં કરવામાં આવી. માટુંગાનો આ ભવ્ય અંજનશલાકા મહોત્સવ કચ્છી શ્રેષ્ઠી શ્રી ગોવિંદજી જેવત ખોનાની ઉદારતા અને ભાવોલ્લાસને કારણે અત્યંત યાદગાર બની રહ્યો.

**('સન્માર્ગ'માંથી સાભાર)**




## 'પરબ' નો લાજવાબ કાર્યક્રમ

પરબ શક્તિ સંજીવની સોસાયટીએ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે The vision-2013 'કાર્યેષુ મંત્રી' નો કાર્યક્રમ ૮.૩.૨૦૧૩ના દિને ઉજવ્યો. તેમાં બહુજ સરસ વક્તાઓને આમંત્રિત કરીને અમને તેમના પ્રવચનો સાંભળવાનો લહાવો મળ્યો. મહિલાદિને નારી શક્તિને યથાર્થ એવા બહુમુખી પ્રતિભા ડૉ. યોગીનીબેન મૈશેરી જે ભલે પોતે "મૂર્તિ લહાન પણ કિર્તિ મહાન" ની જેમ પોતાની આગવી સુંદર, સરળ શૈલીમાં સંતોષથી જીવન જીવવાની કળા સમજાવી. ગુજરાતીમાં કહેવત છે. 'સંતોષી નર સદા સુખી' એ એમણે સાબિત કરી બતાવ્યું. નિષ્ણાંત ડૉક્ટરો પાસેથી શરીરની સંભાળ તેમજ શરીરના અવયવો વિષે માહિતી મળી. 'કાર્યેષુ મંત્રી'નો અર્થ હેમાબેન બહુજ સરસ રીતે સમજાવેલ. સ્વાદિષ્ટ નાસ્તા તેમજ ચા-કૉફીને ન્યાય આપી પરબ તરફથી મળેલી ગીફ્ટ લઈ એમ બધાએ નારી દિનની ઉજવણી કરી. એ યાદગાર કાર્યક્રમ રહ્યો. ખરેખર 'પરબ'નો ધન્યવાદ.

બહેનોને દર વર્ષે આવા સરસ કાર્યક્રમોનું આયોજન કરે ને તેમાં બધી સન્નારીઓ લાભ લે.

**મસ્જીદબંદર, ૨૦.૩.૧૩ -શ્રીમતી હેમા વિજય મરચંટ**

## સમસ્ત મહાજન દ્વારા કેલેન્ડર

શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજને સન ૨૦૧૩ના રંગબેરંગી ૧૨ પાનાનો અતિ સુંદર કેલેન્ડર બહાર પાડી સમસ્ત જ્ઞાતિને ઘર પહોંચતા કરવામાં આવેલ છે. આ સુંદર કેલેન્ડર બદલ હાર્દિક અભિનંદન અને આભાર માનીએ છીએ તેમજ આ પ્રવૃત્તિ હંમેશ માટે ચાલુ રાખી દર વર્ષે બહાર પાડતા રહેશો એવી હાર્દિક અભિલાષા.

આગળ જણાવવાનું કે આવતા વર્ષથી એમાં નીચે મુજબ સુધારા કરી છાપવા વિનંતી.

૧) સૌથી ઉપર (૧) 'નમામી જ્ઞાતિમૈયા' (૨) 'શ્રી અનંતનાથદાદાય નમો નમઃ' અને (૩) 'શ્રી ગણેશાય નમઃ' છાપવા નમ્ર વિનંતી.

૨) આ વર્ષનું કેલેન્ડર લગભગ બેએક મહિના મોડું એટલે માર્ચ ૨૦૧૩માં મોકલવામાં આવેલ છે. તે હવે આગોતરું આયોજન કરી સમયસર વર્ષની શરૂઆતમાંજ બધાના ઘરે પહોંચી જાય એવી નમ્ર વિનંતી.

બીજું લખવાનું કે પાછળના પાનામાં મુંબઈની સમસ્ત હૉસ્પીટલના નામો, સરનામા તથા ટેલીફોન નંબર વિગતવાર આપેલ છે. જે જ્ઞાતિજનોને ખરેખર ઉપયોગી થશે. હવેથી જ્ઞાતિસંબંધી સાર્વજનિક માહિતી સંકલિત કરી છાપી શકાય.

છેલ્લે એક ખાસ ભલામણ કે કેલેન્ડરમાં ભગવાનના ફોટા છાપવાનું બંધ કરવા નમ્ર વિનંતી કારણ કે આથી ઘરમાં આશાતના થાય. અને વર્ષના આખરે કેલેન્ડરનો નિકાલ પણ વ્યવસ્થિત કરવો પડે. જ્ઞાતિમાંથી પણ અન્ય સુચન આવકાર્ય છે.

**વડાલા, ૧૮.૩.૧૩ - ઉત્તમચંદ લોડાયા**
**અશોક સોમચંદ દંડ**

## વિધવા

હાલમાંજ 'પ્રકાશ-સમીક્ષા' માં 'સગપણ સેતુ' વિભાગમાં ૨૭ વર્ષની કન્યા (માતા) (નાની બાળકી સાથે) તેમજ લગ્ન સંબંધી જાહેરાતમાં ૨૬ વર્ષની સ્લીમ કન્યા (નિઃસંતાન) માટે મુરતીયાની શોધમાં તેમના વડીલોએ જાહેરાત તેમજ સગપણ સેતુનો સહારો લીધો છે. તેમજ મારી નિઃશુલ્ક સગપણ સેવામાં પણ જાણ કરેલ છે.

ઉપરોક્ત બન્ને કન્યાઓ આટલી નાની વયે પતિની છત્રછાયા ખોઈ બેઠી. 'વિધવા' શબ્દનો ઉપયોગ કરતાં એ કન્યાઓના વડીલો કેટલા દુઃખી છે તે તો એઓજ જાણતા હશે.

આવી નાની ઉંમરની દિકરીઓ માટે આ 'વિધવા' શબ્દ શું વાપરવો હિતાવહ ખરૂં? એવી કન્યાઓ માટે બીજા કોઈ શબ્દની વ્યાખ્યા નથી કે પછી જુના ચુસ્ત રીતીરિવાજોને આપણે વળગી રહેશું?

આજનો શિક્ષિત સમાજ આવી કન્યાઓ અંગે યોગ્ય વિચારણા કરશે કે? આવી કન્યાઓને અપનાવવાની કોઈ પહેલ કરશે ખરો? આજે આપણા બાળકોની (૧) ઉંમર મોટી થતી જાય છે (૨) કન્યાઓની અછત વર્તાય છે. (૩) મુંબઈની કન્યાઓ દેશાવર જવા તૈયાર નથી. (૪) નિર્દોર્ષ, છુટા-છેડા લીધેલ યુવકો બેઠા છે. (૫) ભાવિ ની ચિંતા કરી, આંતરજ્ઞાતિય કન્યા અને પ્રેમલગ્નની છુટ આપી રહ્યા છે.

ઉપરોક્ત બન્ને કન્યાઓની માહિતી મારી પાસે ઉપલબ્ધ છે. સંપર્ક માટે-૦૯૨૪૨૨૨૦૮૦૩ ઉપર મળો.

**હુબલી, ૧૪.૩.૧૩ - શાંતિલાલ શામજી લાલકા**

## નવી કેડી કંડારનારા !

સામાન્ય શીરસ્તો છે કે આમંત્રિત સગાં સંબંધી, વ્યાપારી મિત્ર વર્ગ નવપરણિત વરવધુને લગ્ન સત્કાર સમારંભમાં સ્ટેજ ઉપર જઈ લગ્નજીવનની શુભકામના અને અંતરના આશીર્વાદ આપે છે. તે દરમિયાન વીડીયોવાળા તથા ફોટોગ્રાફરો અવસરને કંડારી લે છે.

કુમાર ચંદ્રકાંત લોડાયા (કોઠારા-ઘાટકોપર)નો લગ્ન સત્કાર સમારંભમાં કંઈક અલગ જોવા મળ્યું. અમારા સમસ્ત પરિવાર સાથે સમુહ ફોટોગ્રાફ થયો. સાંગોપાંગ સમુસુતરૂ પાર પડ્યું અને આનંદ આનંદ થયો.

ખરી મજા અને આકાર્ય સહિતના આનંદનો પરચો વરવધુ કુમાર અને રિદ્ધિના લગ્ન બાદ બહારથી ફરીને આવ્યા બાદ થયો. જોતજોતામાં અમારા પરિવારના દરેક ભાઈ તેમજ દીકરી જમાઈ અને બહારગામ વસતા પુત્રને પણ ફોટોગ્રાફની એનલાજર્ડ થયેલી અને લેમિનેટેડ નકલ હાથોહાથ કુમારે સસ્મિત સુપ્રત કરી ગદ્ગદ્ કરી નાખ્યા. નવીન કેડી કંડારનારા યુવા દંપતિની સૂઝબૂઝ જોઈ ઝુકી તો જવાયને!

**મુલુંડ, ૧૯.૩.૧૩** **- કાંતિલાલ કેશવજી મોતા**

**સુચના**

### સગપણ સેતુ

*'પ્રકાશ-સમીક્ષા' દ્વારા સગપણ સમસ્યા હળવી કરવા સંપર્ક માધ્યમરૂપે સમાજસેવા ભાવે આ વિભાગ નિઃશુલ્ક ચલાવાય છે. લગ્ન ઈચ્છુક પાત્રનો ૨૦ મુદ્દાનો પરિચય પ્રકાશિત કરાશે (ફોર્મ મુજબ), જેની પુછપરછ આવશે તેમને આવેલ માહિતી મોકલાશે અને તેઓ તે પક્ષ સાથે આગળ વાત વધારી શકશે. સીધેસીધી અમને પ્રાપ્ત થયેલ માહિતી કોઈને અપાતી નથી. આપના સંતાનનો બાયોડેટા અને સંપર્ક નામ, સરનામા, ફોન જણાવવાથી આપના પસંદગીના ક્રમાંકના પરિવારને મોકલાવાશે. ભાગ લેવા આજે જ ફોર્મ ભરી પરિચય પ્રકાશિત કરાવો જેથી વિશાળ પસંદગીની તક મળશે.*


**બાંધણીનો તદ્દન નવો સ્ટોક...**
**નવા રૂપ-રંગ-નવી ડિઝાઈન સાથે**

**પાલવ** મુલુંડ

•ઝીણા બંધની બાંધણી • વૈભવી ઘરચોળા
•ડિઝાઈનર ડ્રેસ મટેરિયલ્સ •બોર્ડર •ચણીયાચોલી

**ડિઝાઈનર એમ્બ્રોઈડરી અને સ્ટીચીંગ એ અમારી વિશેષતા...**

શોપ નં. ૧, 'ઓ' વિંગ, વર્ધમાનનગર, ભક્તિ માર્ગ,
મુલુંડ (વે), ફોન : 25616842 / 25906287
(રવિવારે વિશ્રામ)


**પાસ થયા - હાર્દિક અભિનંદન.....**



ડૉ. હાર્દિક ગિરીશ મૈશેરી
લાલા-ઔરંગાબાદ
M.B.B.S. 68%



ડૉ. ભાવના રાજેન્દ્રકુમાર લાપસીયા
સાંયરા-રાયચુર
M.B.B.S. 63.4%

**દર્શના રાજેન્દ્રકુમાર લાપસીયા** S.Y.B.H.M.S. 63.75%
**ધારા ગીરીશ લાપસીયા** F.Y.B.B.M. 77%


**ECE TEACHER TRAINING COURSE**
(4 MONTHS CERTIFICATE COURSE) AND
**PHONICS TEACHER TRAINING COURSE**
(1 week certificate course)
Regular Batch : Monday & Friday
Weekend Special Batch : Saturday & Sunday
New Batch Starts on 4th April 2013
**LN Mehta Ed Classes,**
Yogesh Sadan, Hingwala Lane,
Ghatkopar (E), Mumbai-400 077.
Phone : 25014824/25014870/9821285541

**કલા-કસબ અને કલરનો**
**અનોખો સમન્વય**

**જ્યોતિ**

**સિલ્ક સાડી એમ્પોરીયમ**
*Sachi Jari maate real nam*

૧૩૪/૩૬, બીજે માળે, ખાદી ભંડાર ઉપર,
ખારા કુવા સામે, મુંબઈ-૪૦૦ ૦૦૨,
ફોન : 22413995, 22402786. E-mail : jyotisse@gmail.com

**વગર દવાએ સરળ ઉપચારથી**
**રજવાડીઠાઠથી જીવવાની કળા**

હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ધુંઠણનો દુઃખાવો • માઈગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવૂ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફકત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થેરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થેરાપી એક્યુપ્રેસર થેરાપી • પાસ થેરાપી • બુંહાગ ઈન્સટુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થેરાપીના નિષ્ણાત.

**આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે**

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.
**Mob.: 9820002953 •Tel.: 022-24121234**

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

Estd 1984

Head office : GB10A & 10B,Karma Stambh , Opp.Kailash Commercial Complex,
L.B.S. Marg , Vikhroli (w), Mumbai-400 079 Phone: 25799326/ 96194 86622 Fax: 2579 9323

## NOTICE OF SPECIAL GENERAL BODY MEETING

Notice is hereby given that a Special General body Meeting of the members of Shri Arihant Co-operative Bank Ltd, will be held on Saturday 13th April, 2013 at 3.00 pm at Gnati Shiromani Seth Shri Narshi Natha Banquet Hall, Ground Floor, Anant Siddhi,107, LBS Marg, Bhandup (W) Mumbai 400 078 to transact the following business. All the members are requested to be present in the meeting.

## AGENDA OF THE MEETING

1. To approve and adopt the Model Bye-Laws of a Primary (Urban) Co-operative Bank (State of Maharashtra) as amended by the Maharashtra Co-operative Societies (Amendment) Ordinance, 2013.
2. To appoint Statutory Auditors for the financial year 2012-13 from a panel approved by the Government or any other Authority by it and fix up their remuneration.

**By order of the Board of Directors**

Place : Mumbai

**Sd/-**

**(M C Shetty)**

Date :1st April, 2013

Chief Executive Officer.

**Notes :**

1. In absence of quorum at 3.00 pm, the meeting shall stand adjourned and the adjourned meeting will be held on the same place at 3.30 p.m when quorum will not be necessary.
2. Members are requested to bring along with them their Identity Card/Share Folio No., for easy entry & convenience.
3. Model Bye-Laws of a Primary (Urban) Co-operative Bank (State of Maharashtra) as amended by the Maharashtra Co-operative Societies (Amendment) Ordinance, 2013 are available on Bank's Website (www.arihantbank.com).
4. Copies of Amended Bye-Laws are also available at all Branches and Head-office of the Bank for reference.
5. If any member desires to purchase a copy of the amended Model bye-laws, the same can be obtained from Branches / Head-office on making a payment of Rs 30/- per copy.

# ઈતિહાસ પ્રકાશ : જ્ઞાતિના શ્રી ધનજીભાઈની સપરિવારની દીક્ષાએ રાજનગરને ગજવ્યું

પૂ.આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની વૈરાગ્ય વીણાના વાદને કંઈ કેટલાય ધનાઢ્યો અને સત્તા-સમાજનાં કાર્યોમાં આગેવાની ભોગવનારા સંસાર છોડી સંયમના માર્ગે સંચર્યા હતા. તેઓશ્રીનું પૂર્વ ભારતમાં વિચરણ પણ ઘણાંને પ્રતિબોધ પમાડી, પ્રવ્રજ્યાના પંથે પ્રગતિ કરાવનાર નીવડ્યું હતું. જ્ઞાતિના ધનજીભાઈ અને એમનો સમગ્ર પરિવાર આવા જ પુણ્યશાળી પરિવારોમાંનો એક હતો.

કચ્છની ધીંગી ધરાના સાંધવના એ વતની હતા. પિતા શિવજીભાઈ અને માતા નેણબાઈના ધર્મ સંસ્કારો પામ્યા હતા. વ્યવહારિક અભ્યાસ બાદ નશીબ અજમાવવા છેક દક્ષિણમાં કોચીન ગયા. ત્યાંથી વળી કોલકાતા જઈ સ્થિર થયા. સફળતા મેળવી ધર્મપત્ની નવલબેન બે પુત્રો ગુલાબ અને કિશોર તથા પુત્રી ઈન્દિરા સાથે આનંદથી જીવન ગાળતા હતા.

વિ.સં. ૨૦૦૯(ઈ.સ. ૧૯૫૩)માં કોલકતામાં આચાર્યશ્રીજીનું ચાતુર્માસ થતાં કલ્યાણમિત્ર દામોદરભાઈ ઝીણાભાઈની પ્રેરણાથી પ્રવચન શ્રવણ કર્યું. પ્રથમ પ્રવચનથી જ આજીવન રાત્રિભોજન ત્યાગ કર્યો. આચાર્યશ્રીનો નિકટથી પરિચય કેળવતાં, થયું કે મનુષ્ય જીવનની સાર્થકતા શ્રમણ જીવન સ્વીકારી મુક્તિની અપ્રમત્ત સાધના કરવામાં જ છે. આજ સુધી પોતે જે કર્યું અને જે સફળતા મેળવી તે પરંપરાએ દુઃખ અને દુર્ગતિનો માર્ગ સમજાતાં અંતરાત્મા જાગૃત થયો અને પોતાને તેમજ પરિવારને હેમખેમ ઉગારી લેવાનો આંતરિક નિર્ણય કરી લીધો. વૃદ્ધ પિતાશ્રીની અખંડ સેવા કરી. એમની સમાધિ જળવાય એ માટે સંસારમાં રહ્યા.

ધસમસતા વેગે સંસારની સફર ખેડતા સ્વપરિવારના જીવનરથને મુક્તિપંથે વાળવા માટે તેમણે શ્રાવક-જીવનની વિવિધ આરાધનાઓ અને કર્તવ્યોને અણી ચુસ્તતાથી અપનાવી લીધાં. એમાં, સ્વદ્રવ્યથી ત્રિકાળ જિનપૂજા, અહોભાવ પ્રગટાવે તેવી પૂજા સામગ્રી, પૂજા ન થાય તો ચોવિહાર ઉપવાસ, ઓછામાં ઓછું રોજનું એકાસણું, માત્ર ચાર જ દ્રવ્યનો વપરાશ, રોજ કમસેકમ એક સાધર્મિકની ભક્તિ કરી શ્રીફળ અને એ જમાનામાં રૂપિયાની પહેરામણી, સાધર્મિક ન મળે તો ઉપવાસ, સુપાત્રદાનનો લાભ મેળવવો, સાધુ મહાત્મા હોવા છતાં લાભ ન મળે તો આયંબિલ, દરેક સાધુ મહાત્માને ઊભય ટંક વંદન, પ્રતિક્રમણ, સામાયિક, ઉકાળેલ પાણી, સંતાનોને એક પણ નબળો સંસ્કાર ન મળે તેની પૂરી કાળજી, સાતે ક્ષેત્રમાં અઢળક દાન, બ્રહ્મચર્યનો નિયમ, વૃદ્ધ પિતાજીને નિર્યામણા વગેરે દ્વારા સંયમની પૂર્વભૂમિકા કેળવી.

વિ.સં.૨૦૧૦ (ઈ.સ. ૧૯૫૪) થી સળંગ ૯ વર્ષ સુધી બધાં જ ચાતુર્માસો ઉપકારી ગુરુદેવશ્રીની નિશ્રામાં જ કરી વિવિધ આરાધના કરી લાભો મેળવ્યા. આ બધાના કારણે ચારિત્ર મોહનીય કર્મ ખપતાં વિ.સં.૨૦૧૯ (ઈ.સ. ૧૯૬૩) ના જેઠ સુદ-૧૦ના રાજનગરમાં હઠીસિંગની વાડીમાં બંધાયેલ આલીશાન મંડપમાં આચાર્ય શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના હસ્તે સપરિવાર રજોહરણ મેળવી તેમના શિષ્યત્વને સ્વીકાર્યું અને જીવનને ધન્ય બનાવ્યું.

વિ.સં. ૨૦૧૯ (ઈ.સ.૧૯૬૩)ના જેઠ સુદ-૯ના વિજયદાનસૂરિ જ્ઞાનમંદિરથી ચડીને હઠીસિંહની વાડીએ ઉતરેલો વરઘોડો એક ઈતિહાસ બન્યો હતો. વરદાન માટે એક મોટા ફ્લોટને રાજમહેલનુંસ્વરૂપ અપાયું હતું. જેમાંથી ધનજીભાઈ અને પૂરા પરિવારે મન મૂકીને રૂપાનાણું, વસ્ત્રો, વાસણો, અક્ષતોનું વરસીદાન કર્યું હતું. બંને પુત્રો અને કુ. ઈન્દિરાબેન દેવ-દેવી જેવાં લાગતાં હતાં.

દીક્ષા બાદ ધનજીભાઈ આચાર્યદેવશ્રીજીના શિષ્ય તરીકે મુનિરાજ શ્રી ભદ્રશીલવિજયજી બની દીક્ષા જીવનમાં પંન્યાસપદ સુધી પહોંચ્યા. એમના બંને પુત્રો ગુલાબભાઈ મુનિરાજ શ્રી ગુણશીલવિજયજી મહારાજ અને કિશોરભાઈ મુનિરાજ શ્રી કુલશીલવિજયજી મહારાજ બન્યા. જે આગળ વધી આજે આચાર્યપદે બિરાજમાન છે. નવલબેન પૂ.સા.શ્રી. લક્ષ્મીશ્રીજી મહારાજનું શિષ્યત્વ સ્વીકારી સાધ્વી શ્રી નિર્મમાશ્રીજી મહારાજ અને કુ. ઈન્દિરાબેન સાધ્વીજી શ્રી ઈન્દુરેખાશ્રીજી મહારાજ બન્યાં.

મુ. શ્રી. ભદ્રશીલવિજયજી મહારાજે દીક્ષા બાદ ગુરુ સમર્પણ ગુણને કેળવ્યો. સુંદર ગુરુ સેવા અને ગચ્છ સેવા કરી. રોજ એકાસણું વગેરે નિયમો જીવનભર પાળ્યા. વૃદ્ધ વયે પણ શાસ્ત્રાભ્યાસ કરી વ્યાખ્યાન આદિ દ્વારા પરોપકાર રત બન્યા. જ્યાં પણ ચાતુર્માસો કર્યો ત્યાં તેમના હૈયામાં રહેલી જિનાજ્ઞાનો આધાર ગુરુભક્તિ, પરોપકારિતા, સંઘ વાત્સલ્ય આદિ ગુણોના કારણે ભાવોપકાર કરી શક્યા. વિ.સં.૨૦૪૯ (ઈ.સ. ૧૯૯૩) ના જેઠ સુદ-૧૪ના જામનગર તરફના વિહાર દરમ્યાન કાળધર્મ પામ્યા.

અમદાવાદના ધનાઢ્ય વેપારી જેસિંગલાલની (પૂ.આ.શ્રી. વિજયયશોદેવસૂરિજી મહારાજાની) દીક્ષા બાદ આ પારિવારિક દીક્ષા ખૂબ જ શાસન પ્રભાવક બની હતી. ત્યારે રાજનગરના જ નહિ ગુજરાતના ગામડે ગામડે આ પરિવારની દીક્ષા અનુમોદનાનો વિષય બની હતી. તે વખતના જૈન પ્રવચન તેમજ રાજનગરના વર્તમાનપત્રોમાં આ દીક્ષાએ ઊભા કરેલ માહોલનું રોચક શબ્દ ચિત્ર જોવા મળે છે.

***('સન્માગ'માંથી સાભાર)***

શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### સમસ્ત મહાજન દ્વારા વતન જમીન અંગે બેઠક

શ્રી સમસ્ત જ્ઞાતિ મહાજન અંતર્ગત વતનની કચ્છ/હાલારની જમીનો/મિલ્કતોની જાળવણી અંગેની માર્ગદર્શન સમિતિના સભ્યોની બેઠક તા. ૨૭.૩.૧૩નાં સાંજે મુલુંડમાં શ્રી જયેશ જૈનના કાર્યાલયે એકત્ર મળેલ. આ બેઠકમાં સર્વશ્રી ચીમન મોતા, જયેશ જૈન, પ્રવીણ લોડાયા, વિનોદ ધુલ્લા અને ગાંધીધામથી શ્રી અરવિંદ લોડાયા પધારેલ. વતનમાં આપણી જમીનો અને મિલકતોના હક્ક સાચવવા તથા તેના જરૂરી દસ્તાવેજ, કરવેરા અને સરકારી નિયમોસહ સંરક્ષણ કરવા તથા અદ્યાવત કરવા જ્ઞાતિજનોને અને સંસ્થાઓને માર્ગદર્શન આપવા ચર્ચા વિચારણા થઈ.

કચ્છ/હાલારમાં આપણી જમીનોના હક્ક દસ્તાવેજ, કરવેરા વગેરે નિયમસર અંકે કરી લેવા અને તેની માપ મોજણીની નોંધ કરાવી લેવાની ચાલી રહેલા કાર્યનો લાભ લેવા અનુરોધ છે. જેમને પણ આ અંગે કોઈ પ્રશ્ન/મુંઝવણ હશે તો તેમની લેખિત અરજી આવેથી સમિતિ દ્વારા માર્ગદર્શન કરાશે. દરેક સ્થાનિક મહાજનો પણ આપણી સાર્વજનિક મિલ્કતો અંગે સક્રિય બની કાર્યવાહી કરે એવી અપીલ છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-જશાપર

જશાપર નગરે જ્ઞાતિ મુગટમણી શેઠશ્રી કેશવજી નાયક સ્થાપિત ૧૩૬ વર્ષ પ્રાચીન જિનાલયમાં શ્રી આદેશ્વર દાદા આદિ જિનબીંબોની પુનઃ પ્રતિષ્ઠા બાદ પ્રથમ ધ્વજા મહોત્સવ ચતુર્વિધ સંઘની હાજરીમાં આનંદથી સંપન્ન થયો. ૨૭.૨.૧૩ના સવારના સત્તરભેદી પૂજા અને અઢાર અભિષેક થયા. વિધી-વિધાન શ્રી હાર્દિકભાઈ શાહ (અમદાવાદ)એ કરાવેલ. ધ્વજા મહોત્સવ પૂ. મુનિશ્રી કંચનસાગરજી મ.સા.ની નિશ્રામાં ઉજવાયેલ. પ્રથમ ધજા ચઢાવવાનો લાભ માતુશ્રી ઝમકુબાઈ ભવાનજી ધરમશી પરિવાર હસ્તે શ્રી મોતીચંદભાઈએ લાભ લીધેલ. ૧૦૮ દિવાની આરતી માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર (રાપરગઢ) તરફથી સંઘને ભેટ મળેલ છે.

આરતીનો લાભ શા. ખીંયશી મુલજી છેડા પરિવાર એ માતુશ્રી મુરબાઈ ટોકરશી ધરમશી પરિવારે લીધેલ.

સૂર્યદર્શનનો લાભ : મુરબાઈ ટોકરશી ધરમશી પરિવાર, ચંદ્રદર્શન : ચંપાબેન લખમશી ધરમશી પરિવાર અને શાંતિ કળશનું લાભ : ચંદનબેન મણીલાલ છેડા પરિવારે લીધેલ.

આખાદિવસની સાધર્મિક ભક્તિ લાભ : માતુશ્રી ઝમકુબાઈ ભવાનજી ધરમશી પરિવાર (હસ્તે મોતીચંદભાઈ) લીધેલ. ગામવાસીઓ સારી સંખ્યામાં પધારેલ. મહાજનવતી રૂ.ા ૧૦ની પ્રભાવના થઈ.

### સી.એ. એસો. દ્વારા બજેટ મીટીંગ

શ્રી. ક.દ.ઓ. ચાર્ટડ એકાઉન્ટન્ટસ એસો.ના ઉપક્રમે 'કેન્દ્રીય બજેટ-૨૦૧૩ વિષે વિશ્વષણ-સમીક્ષા માર્ગદર્શન કરતી બેઠક તા. ૧૦.૩.૧૩ના સોમૈયા કોલેજના હોલમાં યોજાઈ હતી. જેમાં જ્ઞાતિના સી.એ., સી.એસ. અને અન્ય રસિકો બહોળી સંખ્યામાં ભાગ લીધેલ. આ બેઠકમાં બજેટના ફેરફારો અને તેના પરીણામોનું કાયદાકીય માર્ગદર્શન અપાયું હતું.

પ્રથમ સત્રનું સંચાલન સીએ શ્રી ઘનશ્યામ લાલકાએ સંભાળેલ. પ્રથમ બેઠકના પ્રમુખ એસો.ના પ્રમુખ સીએ શ્રી નિલેશ શીવજી વિકમશી હતા અને તેમણે એસો. વતી પધારેલ સૌને આવકાર આપી જ્ઞાતિના પ્રોફેસનલ્સને એસો.ની પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવા અપીલ કરી. પ્રથમ સત્રની બેઠકના ચેરમેન સીએ શ્રી કમલેશ વિકમશી હતા જેમનો પરિચય અપાયેલ. તેમણે ઉદ્‌બોધનમાં જણાવ્યું કે આ વખતના બજેટમાં ખાસ કોઈ મોટા ફેરફારો નથી છતાં ઘણી માહિતી ધ્યાનમાં લેવા જેવી છે.

સીએ જાસ્મીન શાહે આવકવેરા કાયદામાં આવેલ ફેરફારો અને સીએ શ્રી રાજીવ લુઠીયાએ સર્વિસ ટેક્સ





ABDASA (KACHCHH) GAUSHALA TRUST

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

એક્ટમાં આવેલ ફેરફારોની છણાવટ રજુ કરી ઉપયોગી માહિતી આપી હતી. પ્રથમ સેસનના અંતે આભારદર્શન સીએ શ્રી હેમંત ધરમશીએ કરેલ.

બીજા સત્રના પ્રારંભે કાર્યક્રમના અતિથીવિશેષ શ્રી કુલીન લુઠીયાનું એસો. વતી સામાજિક સેવા માટે જાહેર અભિવાદન સન્માન કરાયેલ. તેમણે દરેકે ઉચ્ચ શિક્ષણ સાથે સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી સંભાળી સેવા પ્રદાન કરી સમાજના ઉત્થાન માટે યોગદાન આપવું એ ફરજ છે. હાલમાં સી.એ. સેન્ટ્રલ કાઉન્સીલમાં ચુંટાયેલ સીએ શ્રી નિલેશ વિકમશીનું એસો. દ્વારા શાલથી બહુમાન કરાયેલ. આ ઉપરાંત ક.વિ.ઓ. જ્ઞાતિના સીએ પ્રિતી સાવલા જે રીજનલ કાઉન્સીલમાં ચુંટાઈ આવ્યા તે બદલ બહુમાન કરાયેલ. કાર્યક્રમ સૂત્ર સંચાલન સીએ શ્રી નરેશ શાહ અને સીએ શ્રી રાજીવ લુઠીયા દ્વારા કરાયેલ.

બીજા સત્રમાં આમંત્રિત શ્રી વિજય મંત્રી દ્વારા 'આજના સમયમાં રોકાણની તકો' વિષે માર્ગદર્શક પ્રવચન રહેલ. આભારવિધિ સીએ નીતા ધરમશી દ્વારા કરાયેલ. કાર્યક્રમ અંતે એસો. દ્વારા પ્રિતી ભોજનની વ્યવસ્થા હતી.

કાર્યક્રમની વ્યવસ્થા માટે સર્વશ્રી રાજીવ લુઠીયા, પદમ પોલડીયા, સુમન લોડાયા, ઘનશ્યામ લાલકા, નીતા ધરમશી, દેવાંગ દંડ, હેમંત ધરમશી વગેરે સુંદર જહેમત લીધેલ. સંસ્થા છેલ્લા ૨૦ વર્ષથી જ્ઞાતિ નિષ્ણાંતો માટે ઉપયોગી માહિતીસભર કાર્યક્રમો કરી રહી છે.

## જશાપરમાં અતિથીગૃહ નિર્માણ

શ્રી મેઘજી લાલજી ધરમશી (કોચીન) તથા માતુશ્રી દિમુબાઈ મેઘજી ધરમશી પરિવાર તરફથી ભેટ મલેલ જમીન ઉપર નુતન અતિથી ગૃહનું નિર્માણ માટેનું ભૂમિપૂજન પૂ. મુનિ શ્રી કંચનસાગરજી મ.સા.ની નિશ્રામાં મહાજનશ્રી વતી શ્રી લક્ષ્મીચંદ ટોકરશી ધરમશીના હસ્તે ૨૭.૨.૧૩ના ૧૨.૫૩ કલાકે શુભમુહુર્તે થયેલ. આ પ્રસંગે ગામના આગેવાનોની હાજરી રહી.

સર્વશ્રી શાંતિલાલ છેડા, મનીષ છેડા, પ્રમુખશ્રી મોતીચંદ ધરમશી, હીરેન ધરમશી, ગૌતમ ધરમશી, સોમચંદ મોતા, ધનજી મોતા વગેરે પધારેલ.

## સખી વૃંદ-પુના

વૃંદની બેઠક સૌ. વિજયા વિજય ખોનાના ઘરે મળેલ. મીટીંગનો વિષય વિજયાબેને કંઈક નાવિન્યપુર્ણ પસંદ કરેલ. વિવિધ પ્રકારનાં ઉચ્ચ ક્વોલીટીના જામ ઘરમાં કેવી રીતે બનાવી શકાય એનું પ્રત્યક્ષીકરણ કરીને બતાવ્યું. મિક્સ ફ્રુટ જામથી લઈને આદુ, આમળા, પાઈનેપલ, એપલ, સ્ટ્રોબેરી, ટોમેટો, કેરી, કીવી, પ્લમ વગેરે જામ તેમજ સૉસ એમ વિવિધ પ્રકારના જામ અને તેની બનાવવાની રીત અને સુચના સાથે સમજ આપી. દરેક બાબતનું સુંદર સમજ સાથે માર્ગદર્શન કરેલ. આ જામ-સૉસના ડેમોની માહિતી સૌને ઉપયોગી રહી. બધી બહેનોને વિગતવાર રીત, માપ અને પદાર્થ સાથે એની એક એક નકલ સાથે બ્રેડ અને બિસ્કીટના ટોપીંગ સાથે વિવિધ જામ સર્વિસ કર્યા.

બજાર કરતાં ઘરે આ પ્રકારે જામ સરળતાથી ઓછા ખર્ચે વધુ શુદ્ધતા સાથે બનાવી શકાય તે દાખવ્યું. અંતે સૌને રગડાપેટીસ અને મિલ્કશૅક સાથે આઈસ્ક્રીમ અપાઈ.

સખીવૃંદની બહેનોનું એક ગ્રુપ સિંહગડ રોડ પર આવેલ પ્રખ્યાત 'ઘાડગે બોટેનિકલ ગાર્ડન'માં પિકનીક કરેલ. ત્યાં અલભ્ય પ્રકારના વૃક્ષો, ફુલો અને ઔષધિયુક્ત વનસ્પતિઓ ભરેલ ગાર્ડન જોવાની મજા પડી. આ સાથે શ્રી પુ.લ. દેશપાંડે જાપાનીઝ ગાર્ડનની પણ મુલાકાત વિલક્ષણ હતી. ઈન્ડો-જાપાન મૈત્રીના પ્રતિકરૂપ આ ગાર્ડન પુનાનું જોવાલાયક સ્થળ છે. અંતમાં ખડકવાસલ ડેમમાં પાણીની મજા કરીને બધાયે ઈકોફ્રેન્ડલી પીકનીકનો આનંદ માણ્યો.

## જિનાજ્ઞા ભાગ-૨ ઓપન બુક એક્ઝામ્

સમસ્ત જ્ઞાતિ માટે શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંડળ-વડોદરાના માધ્યમે શ્રી લક્ષ્મીચંદભાઈ ચાંપશી દંડ (લાલા-અમદાવાદ) દ્વારા સંકલિત કરેલ જિનાજ્ઞા ભાગ-૨ની ઓપન બુક એક્ઝામ રાખવામાં આવી છે.

ધર્મ પ્રત્યેની જિજ્ઞાસાને પૂર્ણ કરવા અને જ્ઞાનાવરણીય કર્મ ખપાવવા માટે આ પુસ્તકનું વાંચન-મનન કરી પરીક્ષા માટે તૈયારી કરવા અપીલ છે.

જિનાજ્ઞા ભાગ-૨ની બુક પરીક્ષા આપનારને જ મળશે. વિજેતાઓને આકર્ષક ઈનામ અપાશે. વધુ વિગતો

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**
(વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

પ્રકાશ-સમીક્ષાના માધ્યમે જાહેર થશે. વધુ માહિતી માટે સંપર્ક : સૌ. ઉષાબહેન ખીરેન્દ્ર લોડાયા- ફોન : (૦૨૬૫) ૨૪૮૦૪૭૫, મો.-૯૪૨૮૯૭૨૩૯૪.

## શ્રી કુંથુનાથ મહિલા મંડળ-રાયપુર

મંડળ દ્વારા દર મહિને બહેનો કુંથુનાથ દેરાસર સ્નાત્રપુજન ભણાવે છે. ૨.૩.૧૩ના શ્રીમતી મંજુલાબેન જીવાણી, રતનબેન મોમાયા, કાશ્મીરાબેન મોતા, પુષ્પાબેન મૈશેરી તરફથી રમઝટથી સ્નાત્રપુજા ભણાવેલ. સારી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. પુજા બાદ તેમના તરફથી સાટાની પ્રભાવના થઈ.

શ્રીમતી પ્રભાબેન મહેન્દ્ર લોડાયા જેઓ શંખેશ્વરથી પાલીતાણા પૂ. આચાર્યશ્રી આ.ઠા. ના સાથે છ'રીપાલક સંઘમાં યાત્રા કરી આવ્યા તેમનું મંડળ તરફતી અનુમોદના બહુમાન કરાયેલ પ્રભાબેને ઉપસ્થિત સૌને પુજાના રૂમાલની પ્રભાવના કરી હતી.

## શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબીવલી દ્વારા ક્રિકેટમેચ

શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબીવલીના ઉપક્રમે જ્ઞાતિસ્તરે ક્રિકેટ ટુર્નામેન્ટ રવિ. ૩૧.૩.૧૩ના કે.ડી.એમ.સી. ગ્રાઉન્ડ, ધરડા સર્કલ, ડોંબીવલી (ઈ)માં સવારે ૭ થી સાંજે ૬ દરમ્યાન રમાશે. આ ટુર્નામેન્ટમાં ઘણી ટીમોએ ભાગ લીધેલ છે. મુંબઈ મહાજનશ્રીએ આ ક્રિકેટ સ્પર્ધાનું સૌજન્ય લીધું છે. અને પોતાની ટીમ પણ તેમાં ભાગ લેશે. કેડીઓ ટ્રોફી માટેની આ રસપ્રદ મેચ નિહાળવા સર્વે જ્ઞાતિજનોને આમંત્રણ છે.

## યોગ-પ્રાકૃતિક જીવન જાગૃતિ શિબિર

યોગ નિષ્ણાંત ગીતાબેન જૈન સંચાલિત વિવિધ યોગ અને પ્રાકૃતિક જીવનશૈલી દ્વારા સ્વસ્થ જીવન જાગૃતિ અભિયાન અંતર્ગત ભાવિ આયોજનમાં ૩૦.૩ થી ૮.૪ ચીંચની (મહા.), ૧૫ થી ૨૪.૪-ધુલીયા, ૨૬ થી ૨૮.૪-ગાંધીધામ, ૨૯.૪ થી ૮.૫-અજંતા ગ્રુપ-મોરબી, ૯ થી ૧૮ મે દીવ, ૧૯ થી ૨૮.૫-ઉના, ૨ થી ૧૧.૬ ગુના, ૧૨ થી ૨૧.૬-અશોકનગર, ૨૪.૬ થી ૩.૭-રાયપુર, ૪ થી ૧૩.૭ ધમતરી કાર્યક્રમ છે. સૌ રસિકોને ભાગ લેવા આમંત્રણ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-જખૌ

જખૌ મહાજન અંતર્ગત યુવામંચ દ્વારા બે દિવસીય યાત્રાપ્રવાસ કોંકણમાં ગોઠવાયેલ છે. તા. ૨૦ અને ૨૧.૪ દાતાઓના સહયોગે જહાજ મંદિર, કોલાડ, મુરૂડ, દીવેઘર, નાગોઠણે, ઈંદાપુર, પોટનેર, હરીહરેશ્વર આદિ સ્થળે જખૌના યુવાઓ માટે પ્રવાસ યોજાયેલ છે.

## સાંયરામાં ત્રિહાન્હિકા મહોત્સવ

સાંયરામાં આદિનાથ દાદાના જિનાલયે ૧૩૫મી વર્ષગાંઠ પ્રસંગે તા. ૧૨થી ૧૪.૩ના ત્રિહાનિકા મહોત્સવની ઉજવણી થઈ.

અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગર સુરીજી મ.સા. અને પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસુરીજી મ.સા. આ.ઠા. ના શુભ આશિષે તથા પૂ. મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા. અને તપસ્વી પૂ.સા.શ્રી. કાવ્યગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ધ્વજામહોત્સવ પ્રસંગે સુંદર આરાધન થઈ.

૧૩.૩.૧૩ના પૂ. મુનિશ્રી કંચનસાગરજી મ.સા. પધારતાં સંકળ સંઘે વાજતેગાજતે સામૈયું કરેલ. ત્યાંથી પ્રથમ મુલચંદભાઈ લાલજી મોમાયાના નવા મકાને પગલાં કરેલ. ત્યાં ગુરૂપૂજન થયેલ અને રૂા. ૫નું સંઘપૂજન થયેલ. ત્યાંથી શ્રી પદમશીભાઈ કુંવરજી લોડાયાના નવા મકાને પગલાં કર્યાં. ત્યાં પણ ગુરૂપુજન અને રૂા.૧૦નું સંઘપૂજન થયેલ. ત્યાંથી માતુશ્રી વાલબાઈ દામજી ધ્રોળ પરિવારના નવા મકાને ગયા ત્યાં ગુરૂપૂજન થયેલ તથા પેંડાની પ્રભાવના થઈ.

ધ્વજા મહોત્સવ પ્રસંગે મુંબઈ અને દેશાવરથી અંદાજે ૮૦ થી વધુ જણાં આવેલ. આ પ્રસંગે પૂજ્યશ્રીએ ધર્મ આરાધનાની પ્રેરણા માર્ગદર્શન કરેલ. વિધિકાર સંગીતકાર કિશોરભાઈ (ગુણપુરી)એ વિધિ વિધાન સહ સંગીતની રાગ રાગણીથી અનુષ્ઠાનની રમઝટ જમાવેલ.

૧૨.૩.૨૦૧૩ના બપોરના પ્રાર્શ્વનાથ પંચકલ્યાણક પુજા રાગ-રાગીણીથી સર્વશ્રી રતીલાલભાઈ, મુલચંદભાઈ, પ્રેમચંદભાઈ, નવીનભાઈ (જખૌ) વગેરેએ ભક્તિભાવપુર્વક ભણાવેલ. ૧૩.૩.૧૩ના ૧૮ અભિષેક કરવામાં આવેલ. ચંદ્રદર્શન ૨૫૨૫ મણમાં શ્રી વિમલ નારાણજી ધરમશી અને સૂર્યદર્શન ૧૫૫૧ મણમાં શ્રી વિશનજી ઓભાયા (ધુલીયા) પરિવારે લીધેલ.

૧૦૮ દિવાની આરતી ૧૪૧૪ મણમાં વસુમતીબાઈ લખમીચંદ મોમાયા પરિવારે લીધેલ.

મંગલદિવો ૧૧૧૫ મણમાં અને લખમીબાઈ કુંવરજી લોડાયાએ લાભ લીધેલ. શાંતિકળશ ૩૦૦૩ મણમાં


શુભેચ્છા સહ....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શુભેચ્છા સહ...

શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)

**UKKHIMJI & CO.**

144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH-416416 Tel. 2670910/2322057

૧૩.૩.૧૩ના રાતના આરતી દિવા આરતી ૧૮૧૮ મણમાં ધનબાઈ શામજી ખોના મંગલદિવો ૧૫૧૫ મીઠીબાઈ ચત્રભોજ લોડાયા (સુજાપર) એ લાભ લીધેલ.

૧૨.૩.૧૩ના આરતી ૧૪૧ મણમાં શ્રી વાલજી હીરજી ખોના અને મંગલદિવો ૧૫૧ મણમાં દમયંતીબાઈ વાલજી લોડાયાએ લીધેલ.

જીવદયા ફંડમાં રૂા. ૨૮,૮૦૭ એકત્ર થયા. ૧૪.૩.૧૩ના સત્તરભેદી પુજા ભણાવવામાં આવી. ધ્વજા ચડાવવાના લાભાર્થી આદિનાથ દેરાસર-શ્રી લક્ષ્મીબાઈ કુંવરજી લોડાયા હસ્તે પદમશીભાઈ. અનંતનાથ-શ્રી વીશનજી ઓભાયા પરિવાર (ધુલીયા)હસ્તે જયકુમાર ટોકરશી.

શામળિયા પાર્શ્વનાથ-માતુશ્રી ધનબાઈ શામજી ખોના પરિવાર, શ્રી અજિતનાથ દેરી-માતુશ્રી વાલબાઈ દામજી ધ્રોળ પરિવાર, શ્રી શાંતિનાથ-માતુશ્રી લક્ષ્મીબાઈ લહેરચંદ (મંજલ) હસ્તે હીરાચંદભાઈ વિશનજી મોમાયા, આખા દિવસના સાધાર્મિક ભક્તિના દાતા : ૧૨.૩.૧૩ના માતુશ્રી સોનબાઈ મુલજી મોમાયા પટેલ પરિવાર, ૧૩.૩.૧૩ના માતુશ્રી વાલબાઈ દામજી ધ્રોળ પરિવાર, ૧૪.૩.૧૩ના માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા હસ્તે જયાબેન શાંતિલાલ લોડાયાએ લાભ લીધેલ. તા. ૧૪.૩.૧૩ના દાદાની ૧૩૫મી સાલગીરી પ્રસંગે મુંબઈ, ધુલીયા, જલગામ, ગાંધીધામ, ભુજ, નલીયા, જખૌ, કોઠારા, રાપરગઢવાસી, વારાપધરથી ભાવિકો આવેલ. તા. ૧૪.૩.૧૩ના ત્રણ જણે ઉપવાસ કરેલ. આ પ્રસંગે સાંયરાની ભોજનશાળામાં ફોટાના રૂા.૫૦૦૧ની યોજનામાં સ્વ. હંસાબેન પ્રેમચંદ મોમાયા હસ્તે પ્રેમચંદભાઈ (સાંયરા-વારાપધર) તરફથી આવેલ. સત્તરભેદી પુજામાં અલગ-અલગ દાતા તરફથી ત્રણ વીંટી, ૧ ગીની દાન આવેલ.

## શ્રી મહારાષ્ટ્ર એક મહિલા મંચ-ધુલિયા

૮.૩.૧૩ના વિશ્વ મહિલા દિન નિમિત્તે મંચની સભા સૌ. નમ્રતાબેન આશિષ સોનીના નિવાસસ્થાને પ્રમુખ સૌ. પ્રીતિબેન કાજલ મોમાયાના અધ્યક્ષપદે મળેલ. નવકારમંત્ર પઠન બાદ સૌ. નમ્રતાબેને સૌનું સ્વાગત કરેલ. મહિલા દિનની સૌને શુભેચ્છા આપેલ.

સૌ. મધુમતીબેન દિનેશ ભાટેએ મહિલાદિન નિમિત્તે પોતાના મંતવ્ય વ્યક્ત કરેલ, મહિલા મંચ તરફથી જગતની પ્રસિદ્ધ નારીઓની ઝાંખી કરાવતી વેશભૂષા સ્પર્ધા યોજાઈ. સર્વે બહેનોએ ઉત્સાહથી ભાગ લીધેલ. જેમાં પ્રથમ સૌ. લતાબેન જયંત દંડ અને દ્વિતીય સૌ. મનિષાબેન વિનોદ ભાટે વિજેતા રહ્યા. નિર્ણાયક તરીકે સૌ. વિજયા અહિરે તથા કુ. રાશિ શાહ (મુંબઈ) એ સેવા આપેલ. તેમને મંચની પ્રવૃત્તિઓની માહિતી અપાઈ. સૌ વિજયા અહિરેનો ઉપપ્રમુખ સૌ. શીતલબેન પરેશ ભાટેએ તથા કુ. રાશિ શાહનો સેક્રેટરી સૌ. નમ્રતાબેન સોનીએ પરિચય આપેલ. નિર્ણાયકોને શ્રીફળ અને ફૂલથી સૌ. રંજનાબેન મેઘજી સોનીના હસ્તે બહુમાન કરવામાં આવેલ. પધારેલાં અન્ય મહેમાનોનું ફૂલથી અભિવાદન કરવામાં આવેલ.

સૌ. નમ્રતાબેને આલ્ફાબેટ પ્રમાણે ફિલ્મી અભિનેત્રીઓના નામ લખવાની રમત રમાડેલ. જેમાં પ્રથમ સૌ. મનિષાબેન વિનોદ ભાટે તથા દ્વિતીય સૌ. શીતલબેન પરેશ ભાટે વિજેતા રહ્યા. ગુડી પડવાના મંચની સભા અંગે ચર્ચા કરવામાં આવેલ. સરપ્રાઈઝ ગૅમમાં સૌ. ભાવનાબેન તૈલેષ ભાટેને ઈનામ મળેલ. વિજેતાઓને સૌ. નમ્રતાબેન આશિષ સોની તરફથી નિર્ણાયકોના હસ્તે ઈનામ આપવામાં આવેલ. સ્પર્ધામાં ભાગ લેનારા દરેકને પધારેલ મહેમાનોના હસ્તે આશ્વાસન ઈનામ આપવામાં આવેલ.

અંતે ફળાહાર અને મિલ્ક શૅકનો આસ્વાદ માણી સહુ આનંદથી છૂટા પડેલ.

## 'અનંત છાયા' પ્રકરણે હાઈકોર્ટમાં સુનાવણી

'અનંત છાયા' ના વેચાણ અંગે ચેરીટી કમીશ્નરે ૩૧ જાન્યુઆરી ૨૦૧૩ના પરવાનગી આપતો હુકમ કર્યો હતો તેને પડકારતી ડૉ. લક્ષ્મી ચંદ્રહાસ ખોના અને ચંદ્રસેન હીરાચંદ મોમાયાએ દાખલ કરેલ અરજીઓની સુનાવણી હાઈકોર્ટમાં નામદાર જસ્ટીસ શ્રી નીતિન જામદાર સમક્ષ ૨૫ માર્ચ ૨૦૧૩ના થઈ હતી.

જે વખતે ચંદ્રસેન મોમાયા અને આ અરજીમાં ઈન્ટરવીનર તરીકે પક્ષકાર બનવા ઈચ્છુક રમેશ પદમશી શાહ (દંડ) ના કાઉન્સેલોએ કેટલીક દલીલો કર્યા બાદ,


॥ શ્રી મોમાઈ માતાય નમઃ ॥ ॥ જય જિનેંદ્ર ॥ ॥ શ્રી ભોમીયાજી દાદાય નમઃ ॥

BHAVANA Tours & Travels
Turning Journeys Into Memories...

- ઓથોરાઈઝડ રેલવે ઈ ટિકિટ એજન્ટ.
- ઓથોરાઈઝડ ડોમેસ્ટિક એઅર ટિકિટ એજન્ટ.
- ઓનલાઈન બસ ટિકિટ એજન્ટ.
- ભારતભરમાં ભાડેથી ગાડીઓ અને બસેસ મળશે.
- બધા પ્રસંગ માટે કૅટરિંગ સર્વિસ.

પ્રવાસ સંચાલક
કરણ મણિકાંતભાઈ લાપસિયા
09324147927 / 09768541927.
ફોન : 0250 3299927 / 09322695245
ઇ-મેલ : bhavanatours@gmail.com
kldestination@yahho.com

KL DESTINATION
Where Blessing & Luxury Combine...

- ગ્રુપ ઓર્ગેનાઈઝર્સ માટે સ્પેશિયલીસ્ટ
- ફિક્સ પ્રસ્થાન માટે એસ્કોર્ટ પ્રવાસો
- 100% શુદ્ધ જૈન પ્રવાસ યાત્રા
- પેકેજ ટુર ઓપરેટર ઓલ ઓવર ઈંડીયા
- વિદ્યાર્થિયો માટે ગ્રુપ ટૂર ઓર્ગેનાઈઝર્સ
- હોટેલ્સ બુકિંગ ઓલ ઓવર ઈંડીયા

બુકિંગ હેડ ઓફિસ : સી/૦૩, મધુ કો.ઓ.હૌ.સો., સાઈ બાબા મંદિર સામે, પોલિસ સ્ટેશન ની બાજુમા, સ્ટેશન રોડ, નાલાસોપારા (વેસ્ટ), મુંબઈ - ૪૦૧ ૨૦૩.
અમારા લક્ષસ્થાન : જમ્મૂ અને કાશ્મિર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ચારધામ, દાર્જિલિંગ-સિક્કીમ, શ્રી સમ્મેત શીખરજી, રાજસ્થાન, ગુજરાત, ગોવા, સાઉથ ઇંડીયા, કેરલા અને વધુ અનેક

નામદાર કોર્ટે આ સર્વ અરજીઓની આખરી સુનાવણી ૮ એપ્રિલ ૨૦૧૩ના નિયત કરી હતી અને તે દરમ્યાન ટ્રસ્ટીઓ કે ડેવલપર (મે. કીલેન્ડ ડેવલપર) દ્વારા ચેરીટી કમીશ્નરના ઉક્ત ૩૧.૧.૨૦૧૩ના હુકમના અનુસંધાનમાં કોઈ પગલાં લેવાશે તો તે નામદાર હાઈકોર્ટનો ઉક્ત અરજીઓની સુનાવણી સંદર્ભે જે ચુકાદો અપાશે તેને આધીન રહેશે તેવો હુકમ કર્યો હતો.

## કે.ડી.ઓ. સિનિયર સીટીઝન ગ્રુપ

દાતાઓ સર્વશ્રી હિંમતલાલ વિશનજી ખોના (મોટી ખાવડી) અને મનિષ પ્રતાપ ડાઘા (વરાડીયા)ના સહયોગથી ૧૮.૩ થી ૨૨.૩.૧૩. ૪ દિવસની યાત્રામાં ૨૪ યાત્રિકોએ લાભ લીધેલ.

૧૮.૩.૧૩ના બપોરના ૨ વાગે બાંદ્રા ટર્મીનસ ઉપર ભેગા થયા. ત્યાં શ્રી ચંદ્રહાસ ખોના તથા લક્ષ્મીબેન ખોનાએ દાતાઓનું શાલ, શ્રીફળથી બહુમાન કરેલ.

બપોરે ૩ વાગે અનંતનાથદાદાની જય બોલાવીને રાણકપુર એક્સપ્રેસ ટ્રેન દ્વારા યાત્રા શરુ થયેલ. રસ્તામાં બધા યાત્રિકોને ચહા પાણી અપાયેલ. ચોકલેટ, બિસ્કીટ, ફરસાણ વગેરે પેકેટ બેગમાં ભરીને અપાયેલ.

સાંજે ૬ વાગે વલસાડ સ્ટેશને થેપલા, દહીં ગુલાબપાક વગેરેથી ચૌવિહાર કરેલ.

યાત્રા દરમિયાન કુલ ૧૯ ગામના ઘણાં દેરાસરોની યાત્રા થયેલ. દરેક ઠેકાણે દર્શન, ચૈત્યવંદન કરેલ.

સવારના ૬ વાગે ફાલના પહોંચી સુવર્ણમંદિરના યાત્રિક ભવનમાં ઉતરી, નાહી-ધોઈ સેવા પુજા, ચૈત્યવંદન લાભ લીધેલ. બાદ નવકાશી કરીને બે બસ દ્વારા ફાલના, રાની, વકરાણા, નાડોલ, નાડલાઈ, સુમેરૂ, મુછાળા મહાવીર, નાળા, લુણાવા, રાતા મહાવીર, સાદડી, રાણકપુર, બામણવાડા, પાવાપુરી, ભૈરૂતારક, જીરાવલ્લા પાર્શ્વનાથ, વરમાન, વિજય પતાકા અને દંતાણી તીર્થોના દર્શનનો લાભ લીધો.

યાત્રા દરમિયાન સ્વેચ્છાએ સધાર્મિક ફંડ તથા સંઘપુજન માટે ફાળો રૂા. ૧૧ હજાર થયેલ. દરેક દેરાસરોમાં સાધારણ ખાતામાં લખાવેલ શ્રી દિનેશભાઈ તથા ખુશાલભાઈએ આ વ્યવસ્થા સુંદર રીતે સંભાળી. સંઘપુજનનો ફાળો રૂા.૧૦,૬૦૦ થયો.

દંત્તાણીમાં ભરતભાઈ તથા ભાવનાબેને ભોજનની સુંદર વ્યવસ્થા કરી અને પ્રેમથી સૌને જમાડ્યા.

૨૧.૩ના દંત્તાણીમાં યાત્રિક ભવનમાં ૩ વાગે બધાની ઓળખવિધિ કરાવેલ. શ્રી ચંદ્રહાસભાઈ ખોના તથા લક્ષ્મીબાઈ ખોનાનું શાલ, શ્રીફળથી બહુમાન કરાયેલ.

યાત્રામાં બે વરસીતપના તપસ્વીઓનું બહુમાન કરેલ. ત્યાં દરેકને સંઘપુજનના રૂા.૧૫૦નું કવર આપેલ. દંત્તાણીથી ૬ વાગે ચૌવિહાર કરીને બસો દ્વારા આબુ રોડ આવીને મુંબઈ પરત પ્રસ્થાન કરેલ. સવારે મુંબઈ આવીને સૌ આનંદ-ઉત્સાહે યાત્રાપ્રવાસની યાદ લઈ આભાર સાથે સૌ છુટા પડ્યા.

## રંગપુર દેરાસરનો ધ્વજા મહોત્સવ

રંગપુર નગરે શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાના જિનાલયે ૨૪મી વર્ષગાંઠ ૨૦.૫.૧૩ના ઉજવવામાં આવશે. આ પ્રસંગે શ્રી સંઘવતી ધ્વજા ચડાવવાનો લાભ રૂા.૧૧,૦૦૦ની બોલીથી માતુશ્રી જયાબેન કુંવરજી ડાયાભાઈ ધરમશી પરિવાર (રંગપુર-સાંતાક્રુઝ) લીધેલ છે. આ પ્રસંગે સર્વે રંગપુરવાસી જ્ઞાતિજનો, નિયાણી બહેનો સપરિવાર પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. આ પ્રસંગે સત્તરભેદી પૂજા ભણાવવામાં આવશે.

## હુબલીના યુવાઓને શુરવીરતા એવોર્ડ

અત્રે ગં.સ્વ. ભારતીબેન સુરેશ મોમાયા (ઉ.વ.૪૯) કે જેઓ તા. ૩૦.૧૧.૧૨ના બજારેથી શાકભાજી વગેરે ખરીદી કરી બપોરના સમયે ઘરે પાછા ફરી રહ્યા હતા. ત્યારે એમને કલ્પના પણ ન હતી કે કોઈ એમનો પીછો કરી રહ્યો છે. તેઓ કચ્છી હાઉસના આગણાંમાં દાખલ




યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

જિંદાદિલ નારીશક્તિના પ્રતિક, ધર્મ, સમાજ અને પરિવારજનોને મદદરૂપ રહી છેવટ પર્યંત સમાજસેવામાં પ્રવૃત્ત
**મધુરીબેન લોડાયા** (તેરા-મસ્જીદબંદર)
એમના સુકૃતોને સ્મરી ભાવભીની સ્મરણાંજલિ...
-"તન-મન" પરિવાર

SHIKHARJI Continental
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

થવાનાં જ હતા. ત્યાં પાછળથી ચેન તફડાવનાર એક યુવાને અચાનક એમના ગળામાં પહેરેલ સોનાની ચેન તફડાવી નાશી છુટ્યો. એકાએક થયેલ આ બનાવથી ભારતીબેન હેબતાઈ ગયા પરંતુ તેમણે તુરંત બુમાબુમ કરતાં કચ્છી હાઉસના બે નવયુવાનો શ્રી ઉમંગ હિરેન છેડા (ઉ.વ.૨૦) તથા શ્રી ભાવીન ભરત ખોના (ઉ.વ. ૨૬)એ જરાપણ સમય ગુમાવ્યા વગર તેની પાછળ ભાગ્યા અને હિંમત દાખવી એને પકડી પાડ્યો અને પોલીસ સ્ટેશને સુપ્રત કર્યો.

દરમ્યાન, ચાલાક ચોર સોનાની ચેન મોઢામાં ગળી પાણીની બોટલ પી ગયો અને ચેન ચોરવાના અપરાધથી બચવાના પ્રયત્નો રૂપે ખોટું બોલવા લાગ્યો. આ દ્રશ્ય ચિ. ઉમંગે નજરે જોયેલ તેણે મક્કમતાથી પોતાનું સ્ટેટમેંટ આપ્યું કે ચોરે ચેનને પેટમાં પધરાવી છે. અને ચિ. ભાવિન ખોનાએ પણ પોલીસની કાર્યવાહીમાં બિલકુલ ગભરાયા વિના પોલીસ કાર્યવાહીમાં સાથ આપ્યો.

ચોરનું સ્કેનિંગ કરવામાં આવતાં ચોરના પેટમાં ચેન હોવાનું માલુમ પડ્યું. જેને પાછળથી યોગ્ય કાર્યવાહી દ્વારા ભારતીબેનને ચેન પાછી સુપ્રત કરવામાં આવી.

કમીશ્નર ઓફ પોલીસ (હુબલી-ધારવાડ) એ આ બન્ને નવયુવાનોની હિમ્મતને દાદ આપી “શુરવીરતા એવોર્ડ” જાહેર કરેલ. ૧૩.૩.૧૩ના આ બન્ને નવયુવાનોને સુપ્રીટેન્ડન્ટ ઑફ પોલીસ (હુબલી) એ બોલાવી રોકડ રકમનું કવર આપી બન્નેને અભિનંદન આપ્યા હતા. બન્ને જ્ઞાતિયુવાઓને શૌર્યકાર્ય બદલ જ્ઞાતિના અભિનંદન.

## શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ

વિદ્યાર્થીસંઘના ઉપક્રમે ૧૭.૩.૧૩ના બપોરે ૩ વાગે શેઠ નરશી નાથા એ.સી. બેન્કવેટ હોલ (ભાંડુપ)માં "Flying Wings towards perfect Naari..." કાર્યક્રમ યોજાયેલ.

વિશ્વ મહિલા દિન નિમીત્તે Women Empowerment ના આ કાર્યક્રમમાં શ્રીમતી ચેતના વિજય ગાલા (સિંહા) મુખ્ય અતિથીવિશેષ તરીકે પધારેલ. તેમજ શ્રીમતી હસુમતીબેન હિરાલાલ ડાઘા, શ્રીમતી હર્ષાબેન હેમાંગ ધરમશી, શ્રીમતી કવિતાબેન કલ્પેશ ધરમશી, શ્રીમતી સ્મિતા છેડા, કુ. પુજા દેઢિયા અને પ્રમુખ શ્રી અનુજ ગિરિશ લોડાયા મંચપર બિરાજમાન થયેલ.

શ્રીમતી હર્ષાબેને પર્સનલ ડેવેલપમેન્ટ અને ઉચ્ચ શિક્ષણ વિશે સંબોધન કરી સૌને પ્રેરિત કર્યા. તેમજ શ્રીમતી કવિતાબેને મહિલા સશક્તિકરણ વિષે સંબોધિત કરેલ. સંઘના પ્રમુખશ્રીએ યુવા વર્ગ અને જ્ઞાતિના વિકાસને મહત્વ આપવા અપીલ કરી. ચાંદનીબેન પરેશ લાલકાએ ચેતનાબેનનો પરિચય કરાવ્યો.

શ્રી અરુણભાઈ ગાલાએ શ્રીમતી ચેતનાબેનનું સંઘર્ષમય જીવન વર્ણવ્યું. શ્રીમતી ચેતનાબેને તેમની મહિલા બેંકને કઈ રીતે સ્થાપિત કરી તેની સફર કહી. જીવનમાં આત્મવિશ્વાસને વધારવા માર્ગદર્શન કરેલ. વિદ્યાર્થીસંઘની પ્રવત્તીઓને બિરદાવેલ.

શ્રીમતી દમયંતીબેન ડાઘાએ મહિલા વિકાસ વિષે પોતાના વિચાર વ્યક્ત કર્યા. શ્રીમતી સ્મિતા છેડાએ લાઈફસ્ટાઈલ મેનેજમેંટ વિષે, પૂજા દેઢિયા ન્યુટ્રીશન મેનેજમેંટ વિષે સવિસ્તર માર્ગદર્શન કરેલ અને શ્રોતાઓ માટે પ્રશ્નોતરી થયેલ.

સાંજે બધાએ પ્રિતી ભોજનનો લાભ લીધો. સાંજના મટુકડી, ઢોલરાંધ, ગરબા, દાંડીયા જેવી સ્પર્ધાઓ યોજાયેલ. આ સ્પર્ધાઓના નિર્ણાયકો કવિતાબેન ખોના અને ઉર્મિલાબેન લાલકા હતા. તેમજ સર્વે ઈનામોના દાતાશ્રી શ્રીમતી જયશ્રીબેન દંડ હતા. આ પ્રસંગે આસરે ૪૦૦ થી વધુ મહિલાઓ પધારેલ. છેલ્લે ઈનામ વિતરણ થયેલ. આ કાર્યક્રમના મુખ્ય દાતાશ્રીઓ ધનબાઈ કલ્યાણજી ભેદા પરિવાર, મા. નવલબેન નવિનચંદ્ર ધરમશી પરિવાર અને શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર હતા. તેમજ લાઈફ સ્ટાઈલ મેનેજમેંટના સહયોગી દાતાશ્રીઓ માતુશ્રી ચંપાબેન હંસરાજ ડાઘા પરિવાર અને માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર હતા.

વિદ્યાર્થીસંઘ સર્વ દાતાશ્રીઓ તેમજ પધારેલ શ્રી હેમાંગ ધરમશી, શ્રીમતી વિણા નાગડા, શ્રી ચેતન મોતા, શ્રી કુમાર દંડ, શ્રી અરુણ ગાલા, શ્રીમતી કાશ્મીરાબેન લુઠીયા, શ્રીમતી મિનાશ્રીબેન અજાણી, અને શ્રીમતી દિપ્તીબેન ધરમશીનો આભાર માનેલ.

પ્રમુખ શ્રી અનુજ ગિરીશ લોડાયા સાથે મયંક જીતેન્દ્ર મોમાયા, ઉર્મિન જયેશ લોડાયા, ઉર્વી નિરેન લોડાયા, તેજસ મહેન્દ્ર ખોના, ભાવીન અરુણ નાગડા, હેમીલ જયેશ દંડ, દિવેશ યોગેશ લોડાયા, ભક્તિ જયેશ દંડ, ધર્મિતા કિરીટ લોડાયા, અર્પણ ફાલ્ગુન ખોના, હિરલ મયુર ખોના, લીનાબેન હિતેન લોડાયા, માસુમી હરીશ સાયલા, તેજલ ખીરેશ ધ્રોળ, મોનિકા ગિરિશ નાગડા, નિકીતા નરેશ મૈશેરી, નિલીમા અશોક મુનવર, નિલીમાબેન દિપક લોડાયા, પુજા મુકુલ ધરમશી, પ્રતીક દિનેશ લાલકા, રાકેશ અભય મૈશેરી, રિષભ નિતીન મોતા, સિદ્ધાર્થ મયુર ખોના અને જયનિશ જયેશ ધરમશી આદિ કાર્યકરોએ કાર્યક્રમની સફળતા માટે સુંદર જહેમત લીધેલ. સૌના સથવારે ઉત્સાહ-આનંદથી કાર્યક્રમ સફળ રહ્યો.

## શ્રી ક.દ.ઓ. મહિલા મંચ ખામગામ/શેગાંવ

મંચની બેઠક ૨૩.૩.૧૩ના સૌ. વર્ષાબેન લોડાયાના અધ્યક્ષપદે મળેલ. જેમાં સૌ. રશ્મીબેન દંડે હોમ મેડ આઈસ્ક્રીમ બનાવવાનો ડેમો આપેલ. જેનો સુંદર સ્વાદ

બધાએ માણ્યો. મંચના ત્રણ સભ્યો સૌ. હેતલબેન, સૌ. હર્ષાબેન અને સૌ. સીમાબેનના વરસીતપ નિમિત્તે મંચના સભ્યો તેમજ શેગાંવથી પધારેલ શ્રીમતી લક્ષ્મીબેન મૈશેરીએ સાંજીના ગીતો ગાઈને રમઝટ જમાવી. તપસ્વીઓ સૌ. હેતલબેન નાગડાનું બહુમાન શ્રીમતી લક્ષ્મીબેન મૈશેરીએ, સૌ. હર્ષાબેન નાગડાનું કુ. જયાબેન નાગડાએ અને સૌ. સીમાબેન લોડાયાનું બહુમાન શ્રીમતી હીરાબેન લોડાયાએ કર્યું. શ્રીમતી હીરાબેન લોડાયાએ મંચના પ્રમુખ વર્ષાબેન લોડાયા અને સેક્રેટરી શ્રીમતી પ્રવીણા દંડનું સન્માન કરેલ. જ્યાં ભાવના છે ભણતરની ત્યાં ઉમરબાધ નથી એટલે તેઓ આગળ ભણી રહ્યા છે તેની અનુમોદના કરી. સૌ. હર્ષાબેન નાગડાએ અને સૌ. હેતલબેન લોડાયાએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ.

સૌ. તેજલ મોતાએ ચોખાના લોટનું ખીચું બનાવી તેની પેટીસ બનાવવાની રીત શીખવાડી. બધાને તેની રેસીપીની કોપી તથા પ્રીતીબેન નાગડા તરફથી ઉપયોગી ટીપ્સની ઝેરોક્સ અપાઈ. તેજલબેન તરફથી નાસ્તાનો આસ્વાદ માણ્યો. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન સૌ. પ્રેરણા નાગડાએ આગવી શૈલીમાં કરેલ. આભાર પ્રદર્શન સૌ. જ્યોત્સના દંડે કરેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-વરાડીયા

મહાજનની સભા મુંબઈમાં ૧૭.૩.૧૩ના એકત્ર મળેલ. દેરાસર જીર્ણોધારની સમિતિમાં સર્વશ્રી રતિલાલ શામજી મોમાયા, દિપક ગંગાજર ડાઘા, શરદ હેમરાજ મોમાયા, નલીન રતનશી ડાઘા, હરીશ ધનજી ડાઘા અને સલાહકાર તરીકે શ્રી છત્રપતિ નરશી દંડ તથા ફંડ માટેની સમિતિમાં શ્રી તિલોકચંદ નરશી દંડ, શ્રી નિરંજન કેશવજી મોમાયા, શ્રી તિલકચંદ કરમચંદ વિકમશી, મનીષ પ્રતાપ ડાઘા, મધુકાંત પાશવીર મોમાયા અને પદમ લાલજી લોડાયાની નિમણુંક કરવામાં આવી.

## કોચીનમાં નવકાર જાપ અનુષ્ઠાન

શ્રી કોચીન શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘના ઉપક્રમે રવિ. ૩૧.૩.૧૩ના સવારે ૮.૩૦ ક. નવકાર જાપ અનુષ્ઠાન છે. શનિ ૩૦.૩.૧૩ના રાત્રે ૮ વાગે શ્રી જયંતભાઈ રાહી નવકાર જાપનું મહાત્મ્ય સમજાવશે અને ભક્તિભાવના હશે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-સુરત

૯.૩.૧૩ના રાત્રે ૮.૩૦ થી ૧૦ દરમ્યાન અંદાજે ૪૫ ભાવિકોની ઉપસ્થિતીમાં શ્રી કેશવભાઈ મંડળીના મનોરમ્ય સંગીતના સથવારે શ્રી હીરાલાલભાઈ છેડાના નિવાસસ્થાને શ્રી મહાકાળી માતાજીની ભાવનાની સુંદર રમઝટ જામેલ. ત્યારબાદ પ્રસાદ ગ્રહણ કરી સર્વે છુટા પડ્યા. મહાકાળી માતાજીની આગામી ભાવનાના લાભાર્થી શ્રી અરૂણભાઈ પાશ્વીર ધરમશી પરિવાર (તેરા) છે. મહાજનની વિનંતી સ્વીકારી શ્રી ઉમરા જૈન સંઘ-સુરતે નલીયાના પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટને રૂા.૫૦૦૦/- જીવદયા ફંડમાં નોંધાવેલ છે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-આણંદ

અત્રે પૂ. ગણીવર્ય શ્રી તીર્થભદ્રવિજયજી મ.સા. ૨૧ થી ૨૪/૩ દરમ્યાન પધારેલ. તેમની નિશ્રામાં ધર્મઆરાધના પ્રેરણા આપી અનેક કાર્યક્રમોનું માર્ગદર્શન કરેલ. ૨૪/૩ના વિદાય પ્રસંગે ભાવિકોની સારી હાજરી રહી. આ પ્રસંગે સાધર્મિક ભક્તિ હતી. સાંજે ભાવના ભણાવાઈ. વિહાર દરમ્યાન આણંદને વખતોવખત પૂ. શ્રમણ-શ્રમણીઓના દર્શન-વંદનનો લાભ મળતો રહે છે. અત્રે શ્વે.મૂ.પૂ. સંઘના ૪૭૫ ઘર છે. જ્ઞાતિના ૧૦ ઘર છે.

## સાભાર સ્વીકાર : 'પ્રેરણાની પ્રસાદી'

ડૉ. ઠાકરશી ગોવિંદજી મૈશેરી (આણંદ) સંપાદિત 'પ્રેરણાની પ્રસાદી' પુસ્તિકા મળી. આ નાનકડા પુસ્તકમાં દેવ-ગુરૂ અને ધર્મના પ્રેરણા-માર્ગદર્શને નવકાર મંત્ર, ગુરૂવચન, મા-બાપ વિષે સુવિચારો, મહિમા સમજ, ગુણ રત્નકર્ણિકાઓ વગેરે સદવિચારોનું સંકલન છે. આ પુસ્તિકાની પ્રેરણા પૂ. ગણીવર્યશ્રી તીર્થભદ્રવિજયજી મ.સા.એ આપી છે. પ્રેરક ગુરૂવચનોની આ પ્રસાદી દરેકને વાંચન-મનન-મંથન કરવા જેવી છે. પ્રાપ્તિસ્થાન ૧૭૧ મંગલનગર, વિદ્યાકેરી રોડ, આણંદ. ફોન : ૦૯૩૨૭૪૭૬૮૦૧.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-સાંધવ

સાંધવવાસીઓની બેઠક ૨૪.૩.૧૩ના બપોરે ૨ કલાકે ભાંડુપમાં શેઠ નરશી નાથા સભાગૃહમાં મળેલ. જેમાં સભાના પ્રમુખસ્થાને શ્રી ચાંપશી માણેકજી લોડાયા હતા. સ્થાનિકે નુતન અતિગૃહમાં ચાર રૂમ અને એક હોલનું નિર્માણ કરવા ચર્ચા વિચારણા કરી સભાએ હર્ષ ઉલ્લાસપૂર્વક સંમતિ આપેલ.

આ વર્ષે પૂ.સાધુ-સાધ્વીજીના ચાતુર્માસ માટે પૂ.ગચ્છાધિપતિશ્રીને વિનંતી કરવામાં આવેલ. ચાતુર્માસ પ્રવેશ તેમજ ચાતુર્માસની આરાધનાર્થે વધારેમાં વધારે સંખ્યામા ગામવાસીઓને લાભ લેવા અપીલ છે. ચાતુર્માસનો તથા પર્વમાં સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઈ નરશી દંડ પરિવારે લીધેલ છે.

## સમસ્ત ક.દ.ઓ. છેડા ગોત્ર

સમસ્ત છેડા ગોત્રના માતાજીના ભુવાશ્રીની ગંધી બદલવાનો કાર્યક્રમ ચૈત્ર સુદ પુનમ ૨૫.૪.૧૩ના નલિયા સ્થાનકે રાખવામાં આવેલ છે. સર્વે ભાવિકોને ૨૪.૪.૧૩ સુધી નલિયા ગામે પહોંચી આવવા વિનંતી કરાઈ છે. રહેવા-જમવાની વ્યવસ્થા સમિતિ તરફથી કરવામાં આવેલ છે.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **હેમંત દિનેશ નાગડા** | અંબા નિવાસ, ધનશ્રી બંગલોઝ, પી.ડી. પાટીલ પાર્ક, મંગલવાર પેઠ, કરાડ-૪૧૫૧૧૦ ફોન : 9423261673 |
| **રોહિત લહેરચંદ જીવાણી** | એ/બી-૨, રૂમ નં.૧૨, ડીમેલો ચાલ, નહેરૂનગર, કાંજુરમાર્ગ (ઈ), મુંબઈ-૪૦૦૦૪૨ |
| **જવાહરલાલ શીવજી મોમાયા** | H.No. 3-11-52 મડીવાલા નગર, રીફનક્વીલા, રાયપુર-૫૮૪૧૦૧ ફોન : 09448183624 |
| **ખુશાલ કાંતિલાલ ડાઘા** | વર્ધમાન કલ્યાણજી ટ્રસ્ટ, ભદ્રેશ્વર (કચ્છ)-૩૭૦૪૧૧ ફોન : 09979798561 |
| **રોહિત તેજકુમાર નાગડા** | ૧૧૬-ઈ, ઓમકાર, ૧લે માળે, મોરારજી સર્કલ, વાપી-૩૯૬૧૯૫ ફોન : 09327722251 |
| **ભાવેશ મેઘજી સોના** | એ-૬૦૯, રાજુ સદન, મધુબન ગાર્ડન સામે, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે), મુંબઈ-૭૮ ફોન : 8080762379 / 9870247325 |
| **ધનલક્ષ્મી એમ. ખોના** | વિજય નિવાસ, જંગલમંગલ રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૭૮ |
| **દનેશ કુંવરજી લોડાયા** | સી/૧૦૦૩ માવેન બિલ્ડીંગ, મહાવીર યુનિવર્સ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે), મુંબઈ-૭૮ ફોન : 9323603542 |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ -હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

| | | | | | |
|---|---|---|---|---|---|
| **ઉષાબેન દિનેશ નાગડા** | કરાડ | 08275060673 | **તુષાર જે. મોમાયા** | રાયપુર | 09686501372 |
| **ફાલ્ગુની હેમંત નાગડા** | કરાડ | 09403771966 | **મીતા રોહિત નાગડા** | વાપી | 07567422251 |
| **રેખા જે મોમાયા** | રાયપુર | 09481548548 | | | |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩.૦૧.૧૩ | ભાયંદર | GODA010203 | જીયા-આશિકા મિતેશ સુભાષ (ડાઘા) માલદે | ગોરખડી | કન્યા |
| ૩૧.૦૧.૧૩ | નલીયા | KRLO091104 | પરિ-જયેશ કાંતિલાલ લોડાયા | કોઠારા | કન્યા |
| ૧૫.૦૨.૧૩ | પુના | SULI010703 | ચાર્વી-ગૌતમ રૂપેશ લાપસીયા | સુથરી | કન્યા |
| ૨૪.૦૨.૧૩ | ડોંબીવલી | SILO310202 | આશા-આશિષ હીરાચંદ લોડાયા | સાંયરા | કન્યા |
| ૦૧.૦૩.૧૩ | નાશિક | JKSL020805 | પલક-ડોલર પદમશી શિયાડ | જખૌ | કન્યા |
| ૦૩.૦૩.૧૩ | મુલુંડ | SIMO100403 | તક્ષ-અંકિતા હિતેશ નવીન મોમાયા | સાંયરા | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧.૦૨.૧૩ | ડોંબીવલી | SDLO120404 | રૉકી કિશોર દેવરાજ લોડાયા | સાંધવ | ૨૫ |
| | ડોંબીવલી | SDKN010804 | હિરલ જવેરચંદ મેઘજી ખોના | સાંધવ | ૨૨ |
| ૨૫.૦૨.૧૩ | ભાંડુપ | SULO | કેતન ગોવિંદજી મુલજી લોડાયા | સુજાપુર | ૩૩ |
| | ભાંડુપ | SAMA010803 | મીના દિલીપ ઉમરશી મૈશેરી | સાંધાણ | ૩૨ |
| ૨૬.૦૨.૧૩ | ડોંબીવલી | DASL041903 | નિખીલ શરદ વેરશી શિયાલ | દલતુંગી | ૨૯ |
| | ડોંબીવલી | KSLO020903 | નેહા અરવીંદ ઉમરશી લોડાયા | નાની ખાવડી | ૨૩ |
| ૧૨.૦૩.૧૩ | ડોંબીવલી | RPNG011304 | રાજીવ સોમચંદ વશનજી નાગડા | રાપરગઢવારી | ૨૭ |
| | અંકલેશ્વર | VKKN030203 | હિરલ જીતેન્દ્ર આણંદજી ખોના | વાંકુ | ૨૨ |

### સગપણ છૂટા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૩.૦૩.૧૩ | જલગામ | GEGS090103 | પ્રશાંત જયચંદ તારાચંદ ગોસર | ગોએરસમાં | ૨૭ |
| | મુલુંડ | SISO011903 | હિરલ પ્રફુલ ટોકરશી સોની | સાંયરા | ૨૬ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨.૦૧.૧૩ | ડોંબીવલી | LLMA050501 | જીગર ભરત નારાણજી મૈશેરી | લાલા | ૨૫ |
| | હૈદરાબાદ | SDDD09901 | નેહા ગિરીશ રતનશી દંડ | સાંધવ | ૨૨ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨.૧૨.૧૩ | થાણા | A | વિશાલ રમેશ ગોકુળદાસ મનાણી | માવને | ૨૭ |
| | મુલુંડ | KBLO130504 | ભાવિની જયંતીલાલ હંસરાજ લોડાયા | મોટી ખાવડી | ૨૨ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯.૦૩.૧૩ | લોનાવલા | NLNG200102 | કુંવરબાઈ દામજી હીરજી નાગડા | નલીયા | ૮૩ |
| ૨૧.૦૩.૧૩ | ઐરોલી | NLCD051704 | નમ્રતા દિપક લખમશી છેડા | નલીયા | ૨૩ |
| ૨૨.૦૩.૧૩ | માંડવી આશ્રમ | KBLO051302 | રમીલા રતીલાલ રૂપશી લોડાયા | મોટી ખાવડી | ૫૦ |
| ૨૩.૦૩.૧૩ | મસ્જીદબંદર | SUKN090401 | ભાઈચંદ ખીમજી મણશી ખોના | સુથરી | ૬૧ |

# સેવક ભરૂડીયા ગામે આદિનાથ જિનાલયે ૮મી વર્ષગાંઠે ધ્વજા મહોત્સવ (૧૦-૩-૧૩)
## ધ્વજારોહણના લાભાર્થી માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર (સેવક ભરૂડીયા-મુલુંડ)


મનોહારી મુળનાયક પ્રતિમાદર્શન


પૂજા કરતા ધ્વજારોહણના લાભાર્થી પરિવાર


પ્રદક્ષિણા કરતા સૌ. ખુશ્બુ તથા ચિરાગ વ. ધુલ્લા


ધ્વજા લહેરાવતા લાભાર્થી પરિવારના સભ્યો


પ્રદક્ષિણા કરતા સૌ. હેમલતા તથા મહેન્દ્ર દંડ


પ્રદક્ષિણા કરતા સૌ. ઉર્મીલા તથા અશોક દંડ


પ્રદક્ષિણા કરતા સૌ. સંગીતા તથા રાજેશ દંડ


પ્રદક્ષિણા કરતા સૌ. સંગીતા તથા કિશોર લાપસીયા


પ્રદક્ષિણા કરતા શ્રી રતીલાલભાઈ તથા ધર્મેશ લાપસીયા


પ્રદક્ષિણા કરતા પ્રિયા તથા વિરલ દંડ


પ્રદક્ષિણા કરતા સૌ. દિવ્યા તથા શ્રી લક્ષ્મીચંદ સાવલા


પ્રદક્ષિણા કરતા સૌ. તારાબેન તથા નવીનચંદ્ર ધુલ્લા


શ્રી રાયચંદભાઈ તથા ગૌતમ ધુલ્લા


પ્રદક્ષિણા કરતા સૌ. મણીબેન તથા ગોવિંદજી લાપસીયા


પ્રદક્ષિણા કરતા સૌ. મંજુલાબેન તથા વિનોદ દંડ


પ્રદક્ષિણા કરતા સૌ. હંસાબેન તથા ધનકુમાર દંડ


પ્રદક્ષિણા કરતા શ્રી કુંવરજીભાઈ તથા મનોજ દંડ


પ્રદક્ષિણા કરતા વિરલ તથા ધવલ લાપસીયા


રાયણ પગલે ધ્વજા ચડાવતા મહેન્દ્રભાઈ તથા રાજેશભાઈ

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# સેવક ભરૂડીયા ગામે આદિનાથ જિનાલયે ૮મી વર્ષગાંઠે ધ્વજા મહોત્સવ (૧૦-૩-૧૩)


પ્રદક્ષિણા કરતા સૌ. ભાનુબેન તથા રમીલા માલદે


પ્રદક્ષિણા કરતા શ્રી પ્રવિણભાઈ તથા પંકજ દંડ


પ્રદક્ષિણા કરતા શ્રી નિલેશ તથા વિમલ દંડ


પ્રદક્ષિણા કરતા સૌ. કાજલ તથા કલ્પેશ દંડ


સત્તરભેદી પૂજા ભણાવતા શ્રી તિલકભાઈ અને સાથીઓ


પ્રદક્ષિણા કરતા ચંદ્રાબેન તથા અરવિંદ દંડ


પ્રદક્ષિણા કરતા વિમળાબેન તથા જયંતીલાલ નાગડા


પ્રદક્ષિણા કરતા શ્રી અશ્વીન ધુલ્લા તથા સુરેશ લોડાયા


સૌને પ્રભાવના આપતા લાભાર્થી પરિવારજનો


ધ્વજાના લાભાર્થી પરિવાર તથા ટ્રસ્ટીગણ


જાહેરપીર દાદાને ધ્વજા ચડાવતા લાભાર્થી પરિવાર


રાત્રે ભાવના ભણાવતા ગામવાસીઓ




રાત્રે ભાવના ભણાવતા ગામવાસીઓ


સરપંચ શ્રી કલ્પેશ દંડનું બહુમાન કરતા દાતા પરિવાર


સચ્ચા માતાજીને ચુંદડી ઓઢાડતા ભાવિકો

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**